'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૩ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

## પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

## બ્રાહ્મી લિપિમાં
## શ્રી નવકાર મહામંત્ર

𑀡𑀫𑁄 𑀅𑀭𑀺𑀳𑀁𑀢𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀲𑀺𑀤𑁆𑀥𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀆𑀬𑀭𑀺𑀬𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀉𑀯𑀚𑁆𑀛𑀸𑀬𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀮𑁄𑀏 𑀲𑀯𑁆𑀯𑀲𑀸𑀳𑀽𑀡𑀁
𑀏𑀲𑁄 𑀧𑀁𑀘𑀡𑀫𑀼𑀓𑁆𑀓𑀸𑀭𑁄
𑀲𑀯𑁆𑀯𑀧𑀸𑀯𑀧𑁆𑀧𑀡𑀸𑀲𑀡𑁄
𑀫𑀁𑀕𑀮𑀸𑀡𑀁 𑀘 𑀲𑀯𑁆𑀯𑁂𑀲𑀺𑀁
𑀧𑀠𑀫𑀁 𑀳𑀯𑀇 𑀫𑀁𑀕𑀮𑀁

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૩ ॥


પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

## PARAM BHADRANKAR SHRI NAVKAR

Personal Diaries comprising of Divine thoughts regarding Shri Navkar Mahamantra and experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---


## VOLUME - 3

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 500 Copies / 124 Pages • For Private Circulation only.

---

## PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

---

## SPONSOR

---

## ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

## eBOOKS AVAILABLE AT

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




પરમ કૃપાળુ નમસ્કારભાવનિષ્ઠ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના નમસ્કાર ચિંતનનું સંક્ષિપ્ત એકત્રીકરણ કરીને નવી આવૃત્તિઓ આપણી સમક્ષ પ્રત્યક્ષ થઈ રહી છે, તેનો આનંદ છે. તેઓનું ચિંતન જોઈએ: ''નમો અરિહંતાણં યાને ભાવશત્રુઓનો નાશ કરનારને તથા શત્રુભાવનો જેમણે નાશ કર્યો છે, તેમને હું નમું છું. શત્રુભાવનો નાશ મિત્રભાવ વડે થાય છે, તેથી મિત્રભાવને જેમણે સિદ્ધ કર્યો છે, તેમને હું નમું છું. મિત્રભાવની સિદ્ધિ જીવમાત્રના હિતચિંતકને થાય છે, તેથી સર્વ જીવની હિતચિંતા ધારણ કરનારને હું નમું છું. 'સર્વ જીવો સુખી થાઓ' એ ભાવના વડે જીવમાત્રની હિતચિન્તા સિદ્ધ થાય છે, તેથી એવી ભાવનામાં જેઓ સદાકાળ રમે છે, તે અરિહંતોને હું નમું છું. સર્વ જીવો તો જ સુખી થાય કે જો તેઓ પણ પરહિતચિંતામાં રક્ત બને, સર્વ જીવો પ્રત્યે મિત્રભાવ કેળવે, તે મિત્રભાવ કેળવવા વડે શત્રુભાવનો નાશ કરે.'' પૂજ્યશ્રી કેવી સરસ રીતે સમજાવે છે કે: 'નમો અરિહંતાણં' એટલે અરિ-દુશ્મન-શત્રુ-ભાવદુશ્મન-ભાવશત્રુને હણનારા એવા અરિહંતોને નમસ્કાર.

આવા ચિંતનો એક અવનવા લઘુસ્વરૂપે આવ્યા, તેમાં યશ ઉદારતાવાન પરમ ગુરૂભક્ત જ્ઞાનાનંદમાં મગ્નતા માણનારા સુશ્રાવક **સી. કે. મહેતા** તેમ જ જ્ઞાનાનંદી સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતાને** છે. એ પરિશ્રમદ્વયના ફળરૂપ આપણા હાથમાં ગ્રંથ છે.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





# પ્રભુ નામજપનો મહિમા

માનવજીવનની શ્રેષ્ઠ ચાવી નામજપ છે.
જીવનનું ધ્યેય ચૈતન્યપ્રાપ્તિ છે અને
તેમાં જપ એ સર્વોત્તમ સાધન છે અને સરળ છે.
બધાં અંતરાયોને નિવારણ કરનાર પણ તે જ છે.
જપમાં તપ છે, યજ્ઞ છે, દાન છે,
કર્મ છે, ભક્તિ છે, જ્ઞાન છે, શ્રદ્ધા છે.
'જપ'નો સૂક્ષ્મ અર્થ પરમાત્માનું અનુસંધાન છે,
સરળ અને સતત સમાધિ છે.
સંત, ગુરુ અને ભગવાન -
કોઈ એક દેશ કે એક વ્યક્તિના હોતાં નથી,
મંત્ર પણ અનેક હોવા છતાં તેમાં વ્યાપ્ત ચૈતન્યશક્તિ
એક જ છે અને તે સમાનરૂપથી જ ફળપ્રદ થાય છે.
નામસ્મરણ એકભાવનો પરિચય પ્રાપ્ત કરવાનું પરમ
સાધન છે. સૌએ એકભાવનું ઉચિત સન્માન કરવું,
તે શાસ્ત્રોક્ત કર્તવ્ય છે.

'નમસ્કાર બિનજરૂરી છે'
એમ માનનાર અવિચારક છે, તે હૃદયની દરિદ્રતાને
નહિ, પોતામાં રહેલા શ્રેષ્ઠતાની ખામીને સૂચવે છે,
એટલું જ નહિ પણ શુદ્ધ લાભથી વંચિત રહે છે.
શ્રેષ્ઠ પુરુષ જ બીજાને પોતાનાથી શ્રેષ્ઠ માનીને
નમસ્કાર કરે છે અને એમાં જ એનું મોટાપણું રહેલું છે.
ધર્મશાસ્ત્રો કહે છે કે:
મહાપુરુષોના ચરણોમાં દિવ્ય આત્મશક્તિ પ્રવાહિત હોય,
તે નમસ્કાર કરનાર સાધકને લાભ - પુણ્યપ્રદ બને છે.
ગુરુજનોને નમસ્કાર માનવજીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય મનાય છે.
નમસ્કારથી સમદર્શિતા કેળવાય - કઠોરતા નાશ પામે છે.
સર્વ સાથે આત્મભાવ કેળવવામાં નમસ્કાર પરમ સાધન છે.
નમસ્કાર વડે માનવસ્વભાવમાં કોમળતા પ્રકટે છે.
કૃતઘ્નતા રૂપી મહાદોષને નિવારવાનું અનન્ય સાધન
અને કૃતજ્ઞતારૂપી મહાગુણને વિકસાવવાનું
અદ્વિતીય આરાધન માત્ર એક નમસ્કાર છે.

## નમો અરિહંતાણં પદનો જાપ પુનઃ પુનઃ શાથી ?

'અરિહં' પદ બોલતાં એવો સ્વીકાર થાય છે કે:
અરિહંતાદિ ચારનો જ તે અનુગ્રહ છે, બીજાનો નહિ.
'તાણં' પદ બોલતાં એવો સ્વીકાર થાય છે કે:
તે ચારનો અનુગ્રહ મારું રક્ષણ કરે છે, તે સિવાય
બીજું કોઈ રક્ષણ કરનાર કે શરણું આપનાર નથી.

અનુગ્રહ પ્રત્યેનું આ દૃઢ શ્રદ્ધાન અને
તે દ્વારા થતું અરિહંતાદિ ચારનું પ્રણિધાન
ભાવભક્તિ પેદા કરે છે અને પ્રત્યેક પ્રાપ્ત સામગ્રી કે
પરિસ્થિતિમાં ઓત્સરખો આનંદમગ્ન ભાવ, સંતોષભાવ
યા સમભાવ ટકાવી રાખવાનું સામર્થ્ય સમર્પે છે, તેથી
'નમો અરિહંતાણં' પદનો જાપ પુનઃ પુનઃ કર્તવ્ય બને છે.
નમો પદના જાપથી અંતરમાં જે સૂક્ષ્મક્રિયા થાય છે,
તે સ્પંદન - ગતિરૂપ છે, તેથી તેમાં ગરમી પેદા થાય છે.
એ ગરમીથી આત્મા ઉપર લાગેલો કર્મકચરો બળે છે.
કચરો બળી જવાથી આત્મરત્ન દેખાવા માંડે છે.

'નમો'થી કચરો જાય પછી અરિહંત જે પ્રકાશ પ્રગટે,
તે પ્રકાશમાં આત્મતત્ત્વરૂપી રત્ન દેખાય છે.
'તાણં'થી 'તે આત્મતત્ત્વ રક્ષણ કરનાર છે'
એવી પ્રતીતિ પેદા થાય છે તથા
અશુદ્ધતાને સંઘરી રાખવાનો લક્ષ દૂર થઈ જાય છે.
**એ પછી એવો શુદ્ધલક્ષ પ્રગટે છે કે:**
આત્મરત્ન જ રક્ષણ કરનાર છે પણ કર્મરૂપી કચરો નહિ.
આ રીતે અનુક્રમે ઉજ્જ્વલતા, પ્રકાશકતા અને શુદ્ધતા પ્રાપ્ત
થવાથી આત્મતત્ત્વનું અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેથી
'નમો અરિહંતાણં' પદનો જાપ પુનઃ પુનઃ કર્તવ્ય છે.

**પંચમંગલમહાશ્રુતસ્કંધ શું છે?**

નવકાર એ જ્ઞાનનો હિમાલય, વિચારરત્નોનો સાગર
અથવા રત્નાકર અને અમર ફળને આપનાર કલ્પવૃક્ષ છે.
નમસ્કાર એ સર્વ શાસ્ત્રોનો સાર છે.
જે સાધકનું મન નમસ્કારમાં જોડાય,
તે સાધકને સર્વ શાસ્ત્રોનો સાર પ્રાપ્ત થાય.

શ્રી નમસ્કાર મહામંત્રના ૯ પદો છે.
તેના એક પ્રથમ પદમાં ખૂબ ભાવે ભક્તિ ભરેલાં છે.
'નમો' પદ સર્વોત્કૃષ્ટ ભક્તિને પાત્ર એવા
પરમેષ્ઠિ ભગવંતોને દાનમાં સર્વોત્કૃષ્ટ દાનરૂપ
સન્માનના દાનરૂપ હોવાથી પરમ પ્રમોદરૂપ છે.
'અરિહંત' પદ બોલતાંની સાથે જ ઘાતી કર્મોના નાશથી
ઉત્પન્ન થયેલું તેમનું સર્વોત્કૃષ્ટ રાજ્ય યાદ આવે છે.
ઘાતીકર્મ રૂપી પાપકર્મનું મૂળ સ્વાર્થ યા અહંભાવ છે,
જેનો અરિહંત પ્રભુએ ક્ષય કર્યો છે, તે જાણતાવેંત જ
'સર્વ જીવોમાં રહેલા અહંનો નાશ થાઓ'
એવો કરૂણાભાવ જાગે છે.
'તાણં' પદથી મૈત્રીભાવ રૂપી એવી ભાવના જાગે છે કે:
'સર્વ જીવોનું રક્ષણ થાઓ, સર્વને અભયપદ મળો.'
આ 3 પ્રકારના ભાવમાં પક્ષપાતરહિત એવો મધ્યસ્થભાવ,
જે જીવ જેવા ભાવને યોગ્ય છે, તે જીવને તેવો ભાવ
આપવારૂપ અરાગદ્વેષભાવ ગુંથાયેલો જ છે, તેથી એક

'નમો અરિહંતાણં'માં આવે ભાવો પરસ્પર સંકલિત છે,
આત્માના ભાવમરણને અટકાવનાર છે, તેથી
તે સમ્યગ્દૃષ્ટિ જીવનો ભાવપ્રાણ - મહાપ્રાણ બને છે.
વળી હંમેશ માટે જીવાડનાર હોવાથી
એક ભવ જીવાડનાર પ્રાણ થકી પણ વધુ પ્યારો બને છે.
ઉપરાંત વિશ્વનાં જીવો સાથે સંબંધિત હોવાથી
તે વિશ્વપ્રાણ પણ બને છે.

## અરિહંત - અરહંત - અરૂહંત

'અરિહંત' શબ્દ પાપગર્હાનો સૂચક છે,
'અરહંત' શબ્દ સુકૃતાનુમોદનનો સૂચક છે અને
'અરૂહંત' શબ્દ શરણાગમનનો સૂચક છે.
કર્મશત્રુને હણનારા પાપની ગર્હણીયતાના નિર્ણયમાંથી પાપ
હણવાની ક્રિયા થાય છે. પૂજાને યોગ્ય એવો ભાવ
પૂજ્યમાં રહેલ ગુણોની અનુમોદનામાંથી પ્રગટ થાય છે.
ફરી જન્મ ન લેનારા એટલે જન્મ-જરા-મરણને જીતી
જનારા હોય, તે જ મરણ વખતે શરણને આપી શકે છે.

## નવકારના પ્રથમ પદ 'અરિહંત'ની અર્થભાવના (૧)

અ = અભયદાન આપનારા અરિહંત ભગવંતો.

રિ = રત્નત્રયીયુક્ત - રિક્ત - કર્મરહિત સિદ્ધ ભગવંતો.

હં = કર્મને હણવા ઉદ્યમ કરનારા સાધુ ભગવંતો.

ત = તપ - ત્યાગમય જિનધર્મનું શરણું લેવું તે.

એ રીતે એક 'અરિહંત' પદ બોલતાં
અરિહંત, સિદ્ધ, સાધુ અને જિનધર્મની મંગળમયતા,
લોકોત્તમતા અને શરણ્યમયતાનો સ્વીકાર થાય છે.

## નવકારના પ્રથમ પદ 'અરિહંત'ની અર્થભાવના (૨)

'અરિહંત' એટલે કર્મશત્રુને હણનાર.
પાપને હણવાનો ભાવ પાપની ગર્હણીયતામાંથી પ્રગટે છે,
એટલે કર્મશત્રુને હણનાર એ અર્થ દુષ્કૃતગર્હારૂપ છે,
અર્થાત્ એનું મૂળ દુષ્કૃતગર્હા છે.
અર્હંત એટલે પૂજાને યોગ્ય.
એવો ભાવ પૂજ્યમાં રહેલ ગુણોને જોવાથી પ્રગટે છે,
એટલે સુકૃતાનુમોદનરૂપ છે.

'અરુહંત' એટલે ફરીથી જન્મ ન લેનારા એટલે
જન્મ - જરા - મરણને જીતી જનારા જેઓ હોય,
તેઓ જ વાસ્તવિક શરણાને આપી શકે છે,
માટે સર્વ અરુહંત એ શરણાગતિરૂપ છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (3)

(૧) નમો - દર્શનરૂપ - મૈત્રીની અભિવ્યક્તિ.
(૨) અરિહં - જ્ઞાનરૂપ - પ્રમોદની અભિવ્યક્તિ.
(3) તાણં - ચારિત્રરૂપ - કારુણ્ય - માધ્યસ્થ્યની અભિવ્યક્તિ.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૪)

(૧) નમો - મન વડે નમન - દ્રવ્યનું.
(૨) અરિહં - વચન વડે સ્તવન - ગુણનું.
(3) તાણં - કાયા વડે પ્રણામ - પર્યાયનું.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૫)

(૧) મૈત્રીની અભિવ્યક્તિ મન દ્વારા થાય છે.
(૨) પ્રમોદની અભિવ્યક્તિ વચન દ્વારા થાય છે.
(3) માધ્યસ્થ્ય - કરુણાની અભિવ્યક્તિ કાયા દ્વારા થાય છે.

મનમાં ભાવિત ભાવનાની અભિવ્યક્તિ વિવિધ રીતે થાય:

(૧) મૈત્રીભાવનાથી શુદ્ધ થયેલ મન દ્વારા
દ્રવ્યની ઓળખાણ થાય છે.

(૨) પ્રમોદભાવનાથી શુદ્ધ થયેલ મન દ્વારા
ગુણની ઓળખાણ થાય છે.

(3) કરુણા અને માધ્યસ્થ્ય વડે શુદ્ધ થયેલ મન દ્વારા
પર્યાયની ઓળખાણ થાય છે.

દ્રવ્યની ઓળખાણ થવાથી દર્શનગુણ પ્રગટે છે.
ગુણની ઓળખાણ થવાથી જ્ઞાનગુણ પ્રગટે છે.
પર્યાયની ઓળખાણ થવાથી ચારિત્રગુણ પ્રગટે છે.

દ્રવ્ય એ શ્રદ્ધાગુણને, ગુણ એ જ્ઞાનગુણને અને
પર્યાય એ ચારિત્રગુણને ઉત્તેજન કે વિશુદ્ધ કરે છે.

દ્રવ્યની ઓળખાણ મિત્રતાને વિકસાવે છે,
ગુણની ઓળખાણ પ્રમોદભાવને વિકસાવે છે તથા
પર્યાયની ઓળખાણ કારુણ્યભાવ ઉપરાંત
માધ્યસ્થ્યભાવને પણ વિકસાવે છે.

## નવકારના પ્રથમ પદની અર્થભાવના (૬)

'નમો' પદનું લક્ષ્ય નમ્રતાને વિકસાવે છે.
પોતે કરેલા અપકાર અને
બીજાએ કરેલા ઉપકારના ભાન અને સ્મરણથી
નમ્રતા તથા કૃતજ્ઞતા સ્થિર થાય છે.
તેમાંથી મૈત્રી અને કરુણા વિકસે છે.

## નવકારના પ્રથમ પદની અર્થભાવના (૭)

'નમો' પદમાં જેમ નમ્રતા છે, તેમ કૃતજ્ઞતા પણ છે.
પોતાના અપરાધના સ્મરણમાંથી
નમ્રતા ગુણ વિકસે છે અને બીજા દ્વારા થયેલાં
ઉપકારના સ્મરણમાંથી સાધકમાં કૃતજ્ઞતા ગુણ વિકસે છે.

## નવકારના પ્રથમ પદની અર્થભાવના (૮)

'નમો' પદના લક્ષ્યથી નમ્રતા, કૃતજ્ઞતા, મિત્રતા પ્રગટે છે.
'અરિહં' પદના લક્ષ્યથી પ્રમોદભાવ પ્રગટે છે.
'તાણં' પદના લક્ષ્યથી કરુણાભાવ અને
માધ્યસ્થભાવ પણ પ્રગટે છે.

## નમસ્કારના પ્રથમ પદની અર્થભાવના (૯)

'નમો' પદ દ્રવ્યની સાથે સંબંધ ધરાવે છે,
તેથી વિનતા અને નમ્રતા પ્રગટે છે.
'અરિહં' પદ ગુણની સાથે સંબંધ ધરાવે છે,
તેથી પ્રમોદ અને પ્રશંસા પ્રગટે છે.
'તાણં' પદ પર્યાયની સાથે સંબંધ ધરાવે છે,
તેથી કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવ પ્રગટે છે.

## નમસ્કારના પ્રથમ પદની અર્થભાવના (૧૦)

મૈત્રી કષાયને ટાળે છે, પ્રમોદ પ્રમાદને ટાળે છે,
કારુણ્ય અવિરતિને અને માધ્યસ્થ્ય દુષ્ટયોગોને ટાળે છે.
ચારે ભાવના મળીને મિથ્યાત્વનો નાશ કરે છે.

## નમસ્કારના પ્રથમ પદની અર્થભાવના (૧૧)

'નમો અરિહં તાણં' પદના ભાવનથી દ્રવ્ય, ગુણ અને પર્યાયના પરિજ્ઞાન દ્વારા અને મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ વડે શુદ્ધ થએલ મન-વચન-કાયા દ્વારા તન્મયતા થવાથી દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૨૨)

નમો - આરાધકભાવનો - ઉત્પાદ.
અરિહં - વિરાધકભાવનો - વ્યય.
તાણં - આત્મતત્ત્વનું - ધ્રૌવ્ય.

નમો પદથી પોતામાં આરાધકભાવની ઉત્પત્તિ, વિરાધકભાવનો વ્યય અને શુદ્ધાત્મભાવનું ધ્રૌવ્ય સધાય છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૨૩)

'નમો' પદ વડે આરાધકભાવની ઉત્પત્તિ,
'અરિહં' પદ વડે વિરાધકભાવનો વ્યય અને
'તાણં' પદ વડે આત્મતત્ત્વનું ધ્રૌવ્ય સમજાય-અનુભવાય છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૨૪)

નમોરૂપ સાધક અવસ્થામાંથી અરિહંરૂપ સાધ્ય અવસ્થામાં જવાનું છે અને બન્ને અવસ્થામાં આત્મતત્ત્વ કાયમ રહેવાનું છે, એવો બોધ પ્રથમ પદની ભાવનામાંથી સમજાય છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૨૫)

'નમો' પદ મંગળવાચક છે,

'અરિહં' પદ લોકોત્તમવાચક છે તથા
'તાણં' પદ ઉત્તમના શરણવાચક છે.

નમો પદરૂપ સાધક અવસ્થામાંથી અરિહં પદરૂપ સાધ્ય અવસ્થામાં જવાનું છે અને તે બન્ને અવસ્થામાં આત્મતત્ત્વ કાયમ રહીને શરણ આપનારું છે.

સાધક અવસ્થા મંગળરૂપ છે,
સાધ્ય અવસ્થા લોકોત્તમ સ્વરૂપ છે અને બંને અવસ્થામાં કાયમ રહેનાર આત્મતત્ત્વ શરણ સ્વરૂપ છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૯૫)

અરિહંતમાં પંચ પરમેષ્ઠિ, પંચ પરમેષ્ઠિમાં અરિહંત,
અરિહંતમાં સમગ્ર વિશ્વ અને સમગ્ર વિશ્વમાં અરિહંત.
આમ નિશ્ચયનયથી સર્વ જીવો શુદ્ધ છે, સિદ્ધ સમાન છે, તેથી અભય, ચક્ષુ, માર્ગ, બોધિ તથા શરણને આપનારા છે.
દરેક જીવનું શુદ્ધ આત્મસ્વરૂપ સંસારસમુદ્રથી તારનારું, રાગાદિ દોષોને જીતાવનારું, બોધિ આદિને આપનારું તથા સકળ કર્મનો ક્ષય કરાવનારું છે.

તે ઉપકાર પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ
એ 'ભાવ નમસ્કાર' છે, એથી પોતાના આત્માના
શુદ્ધ સ્વરૂપના શરણનો પણ સ્વીકાર થાય છે,
તેથી તે 'નિશ્ચય નમસ્કાર' પણ બને છે.

'પ્રત્યેક શુદ્ધ આત્મા ચાર કષાય અને પાંચ વિષયરૂપ
સંસારસમુદ્રથી પાર ઉતારનાર છે' એવી ભાવનાપૂર્વક
કરેલો પંચ પરમેષ્ઠિ નમસ્કાર ભાવનમસ્કાર બને છે.
'પંચ પરમેષ્ઠિમાં જીવમાત્રનું શુદ્ધ સ્વરૂપ સંગ્રહિત છે'
એ ભાવનાપૂર્વક થતો નમસ્કાર ભાવનમસ્કાર બનીને
સકલ કર્મનો ક્ષય કરાવે છે.

પ્રત્યેક આત્માનું શુદ્ધસ્વરૂપ અને તેનું આલંબન ભવ-
સમુદ્રથી પાર ઉતારનારું હોવાથી તે પરમ ઉપકારક બને છે.

અરિહંતનું શરણું અરિહંત બનાવે છે.

શરણનો અધિકાર મૈત્ર્યાદિ ભાવવાળા જીવ ઉપરાંત
ઈર્ષ્યા - અસૂયા, વૈર - વિરોધ, નિર્દયતા - નિષ્ઠુરતા,
પરતપ્તિ - પરદોષદૃષ્ટિરહિત જીવને જ છે.

## 'શ્વાસ માટે સમરીએ સો વાર...'

નાભિ જ્યારે એક શ્વાસોચ્છ્વાસ લેવાતો હોય છે, ત્યારે રોમરાજી દ્વારા 3।। ક્રોડ શ્વાસોચ્છ્વાસ લેવાતા હોય છે. તેને રોમાહાર કે લોમાહાર પણ કહેવાય છે. શરીરને જીવાડવા 3।। ક્રોડ શ્વાસોચ્છ્વાસ લેવા પડે, તો આત્માને જીવાડવા માટે 'નમો અરિહંતાણં' અને તેમાં સંગ્રહિત ચારે ભાવનાઓરૂપી ભાવશ્વાસોચ્છ્વાસ કેટલા પ્રમાણમાં અધિક લેવા જોઈએ? જ્ઞાનીઓ કહે છે કે:

'શ્વાસ માટે સમરીએ સો વાર!'

એક બાહ્ય શ્વાસોચ્છ્વાસે એકસો વાર સમરવાનું કહે છે, તે પણ વ્યવહારથી કહેવાય છે, કિન્તુ તત્ત્વથી તો શરીરને 3।। ક્રોડ રોમની જેમ આત્માને અસંખ્ય પ્રદેશ છે. 'નમો અરિહંતાણં' પદ ભાવથી ભલે એકવાર બોલાતું હોય પણ સર્વ આત્મપ્રદેશોથી તે યાદ કરવામાં આવે,

તો એમ સ્વીકારવું જોઈએ કે:

એક જ વખતના ઉચ્ચારણમાં અસંખ્ય વાર ગણાય છે.

જોધપુર, કારતક વદી ૧

નવકારના ઉપયોગ માટેની એક અનુભૂત પ્રક્રિયા:

(a) હાથના અંગુઠાથી બે કાન બંધ કરી, બે તર્જની આંગળીથી બે આંખ બંધ કરી, નાસાગ્રે - બે ભવાંની વચ્ચે જોવું.

(b) આ રીતે જોવાથી પ્રકાશ, વિવિધ રંગો વગેરે દેખાશે. રોજ સવારે છ વાગે તે પ્રમાણે જોવાનો અભ્યાસ કરવો.

(c) ભ્રૂમધ્યે ઉપયોગ રાખી પ્રારંભમાં ત્યાં નવકારનું ચિંતન કરવું. પછી તેને પણ છોડી દેવું અને શૂન્યમાં ચાલ્યા જવું.

(d) શૂન્યમાં જે દેખાય છે, તે અનંત ચિદાકાશ છે.

તેમાં જાણે વિલીન થતાં હોઈએ, તેમ સાવ નિર્વિચાર બનતા જવું. એનાથી એક વિલક્ષણ પ્રતીતિ થશે.

બસ, એ જ છે ઉપયોગ.

## અષ્ટાવધાન યોગ

(૧) ધ્યેય (૨) ધ્યાન (૩) ધ્યાતા (૪) પવન (૫) મન (૬) શ્રુત (૭) શબ્દ (ધ્વનિ) (૮) આત્મવૃત્તિ.

આ ૮ વસ્તુઓને એક કરવા, તેનું નામ અષ્ટાવધાન છે.

કરેમિ ભંતેની પ્રતિજ્ઞા લેવા પહેલાં
નવકારનું સ્મરણ કરવામાં આવે છે, કેમકે તે
સર્વ જીવોનું રક્ષણ કરવાનો ભાવ જગાડી આપે છે.
રુચિ જગાડવાની શક્તિ નવકારરૂપી માતામાં છે અને
સર્વજીવોનું રક્ષણ કરવારૂપ અભયદાન આપવાની શક્તિ
કરેમિ ભંતેની પ્રતિજ્ઞામાં છે. નવકાર માતાના સ્થાને
તથા કરેમિ ભંતે સૂત્ર પુત્રના સ્થાને છે.

કોઈપણ વ્રત, નિયમ કે ધર્મકાર્યના પ્રારંભમાં
નવકાર ગણવાનું વિધાન છે, તે રુચિ જગાડવા માટે છે.
સામાયિક લેતી અને પારતી વખતે નવકાર ગણવાનું
એમ સૂચવે છે કે સમભાવની આરાધનાનું
મૂળ પણ તત્ત્વરુચિ છે અને ફળ પણ તત્ત્વરુચિ છે.

મૂળમાં પંચ પરમેષ્ઠિ નમસ્કાર છે,
ફળમાં પંચ પરમેષ્ઠિ પદસ્વરૂપ બનવાની ભાવના છે.
જેવું બીજ તેવું ફળ અને જેવું ફળ તેવું બીજ.
બીજમાં એક બીજ છે, ફળમાં અનેક બીજ છે.

આરંભ અને અંત ઉભયમાં નવકારને યાદ કરવાની
પાછળ ભાવ અને ફળનો નિયમ કામ કરે છે.
'અરિહં' પદથી જગતતત્ત્વનું ભાન કરાવનારનું સ્મરણ છે.
તે તત્ત્વબોધ ઉત્પન્ન કરવારૂપ પિતાનું કાર્ય કરે છે.
'નમો' રૂપી માતા અને 'અરિહં' રૂપી પિતાના સંબંધથી
'તાણં' પદથી સંયમ રૂપી પુત્રનો જન્મ થાય છે.
તત્ત્વરૂચિરૂપી માતા અને તત્ત્વબોધરૂપી પિતા
તત્ત્વપરિણતિરૂપી પુત્રને જન્મ આપી તેને મોટો કરે છે
અને ધર્મરૂપી ધન કમાવા મોકલે છે, તેમાં પરિષહ તથા
ઉપસર્ગોરૂપી કષ્ટોને આનંદપૂર્વક સહી મોટી કમાણી કરીને
અનંતકાળ માટે અખૂટ એવું મોક્ષરૂપી અક્ષય-
અવ્યાબાધ સુખ મેળવે છે અને જગતના સર્વ જીવોને
સદાને માટે અભયદાન આપનારો થાય છે.
તે દાન દ્વારા જગતના જીવોનું દારિદ્ર્ય ચૂરવા માટેનું જ
એક કાર્ય સદાકાળ માટે કર્યા કરે છે તથા સર્વ જીવોને
પોતાની જેમ જ સચ્ચિદાનંદ સ્વરૂપી બનાવે છે.

આ પંચસૂત્રમાં શુદ્ધ ધર્મની પ્રાપ્તિના ઉપાય તરીકે જે પાપકર્મનો નાશ કહ્યો છે, તે અરિહંતાદિના શરણ વડે છે. તેથી નવકારમાં સળંગ 'સવ્વપાવપ્પણાસણો |' મૂકેલું છે. આ પદના ત્રણ અર્થો થાય છે: (૧) સર્વ પાપનો નાશ (૨) સર્વના પાપનો નાશ (૩) સર્વથા પાપનો નાશ.

પંચસૂત્રમાં કહ્યું છે કે:

(१) इह खलु अणाइजीवे | (२) अणाइजीवस्स भवे |
(३) अणाइ कम्मसंजोगनिव्वत्तीए |

અનાદિકાળથી જીવને લાગેલ પાપકર્મથી ભવભ્રમણ છે. એ પાપના મૂળ અજ્ઞાન - મોહ - અહંકાર - કષાયાદિ છે.

ચતુઃશરણાગમનસૂચક 'નમો' પદથી ભવ્યત્વનો પરિપાક થાય છે, સહજમળનો નાશ થાય છે, તેથી 'નમો' પદ પાપનો સર્વથા નાશ સૂચવે છે. દુષ્કૃતગર્હાસૂચક 'અરિહં' પદથી સર્વ પાપોનો નાશ થાય છે તથા સુકૃતાનુમોદનસૂચક 'તાણં' પદથી સર્વના પાપનો નાશ થાય છે.

નમો અરિહંતાણંમાં દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખપરંપરક
સંસારનો નાશ કરવાની શક્તિ છે, એમ સાબિત થાય છે.

'નમો' પદથી દુઃખની પરંપરાનું કારણ સહજમલ મટે છે,
'અરિહં' પદથી દુઃખનું કારણ પાપ જાય છે
અને 'તાણં' પદથી દુઃખ મટે છે.

જેમ આકાશ સર્વ પદાર્થોના આધારભૂત છે, તેમ
સમભાવયુક્ત સાધુપણું સર્વ ગુણોના આધારરૂપ છે.
'નમો લોએ સવ્વસાહૂણં ।' પદથી સર્વ ગુણોના
આધારભૂત તથા સમભાવયુક્ત સાધુપણાંને નમસ્કાર છે,
તેમાં 'સવ્વ' પદના ત્રણ અર્થ થાય છે:
(1) સર્વહિત, જે સર્વ પ્રકારે સાધુપણું.
(2) સર્વ સાધુપણું. (3) સર્વનું સાધુપણું.
સર્વ પ્રકારે સાધુપણું પાપના મૂળનો નાશ કરે છે,
સર્વ સાધુપણું સર્વ પાપનો નાશ કરે છે અને
સર્વનું સાધુપણું તે સર્વના પાપનો નાશ કરે છે.
એ રીતે સર્વ સદ્ગુણોના આધારભૂત સાધુપણું અથવા

સાધુભાવ સમભાવને પ્રગટાવનાર અને
સર્વ દુર્ગુણોના આધારભૂત પાપ અર્થાત્ રાગ-દ્વેષભાવનો
નાશ કરનાર આ પાંચ નમસ્કાર છે...
એમ 'એસો પંચનમુક્કારો' પદથી પ્રકટ થાય છે.
દેહલી દીપક ન્યાયથી
એકબાજુ પાંચમું પદ તથા બીજી બાજુ સાતમું પદ અને
એ બંનેની વચ્ચે દીપકના સ્થાને જે છઠ્ઠું પદ છે,
તે એમ બતાવે છે કે આ પાંચ નમસ્કાર
સર્વ દુર્ગુણોના મૂળરૂપ રાગ-દ્વેષરૂપી પાપભાવનો નાશ કરી
અને સર્વ સદ્ગુણોના આધારરૂપ
સમભાવરૂપી સાધુધર્મનો વિકાસ કરે છે.
પ્રથમના છ પદોમાં શરણાગમનનો ભાવ છે, તેથી
તથાભવ્યત્વાદિના પરિપાક વડે
દુ:ખાનુબંધ સ્વરૂપ સંસારનો નાશ થાય છે.
સાતમા પદથી સર્વોત્કૃષ્ટ દુષ્કૃતગર્હા વડે
પાપકર્મનો નાશ થવાથી દુ:ખફલક સંસારનો નાશ થાય છે.

છેલ્લા જે પદોથી સર્વોત્કૃષ્ટ સુકૃતાનુમોદન થવા વડે
શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થવાથી દુઃખરૂપ સંસારનો નાશ થાય છે.

ચતુઃશરણગમન મોહદોષના અભાવનું સૂચક છે,
દુષ્કૃતગર્હા રાગદોષના અભાવનું સૂચક છે અને
સુકૃતાનુમોદન એ દ્વેષદોષના અભાવનું સૂચક છે.

આ ત્રણે દોષોને દૂર કરી જ્ઞાનાદિ ત્રણ ગુણોને પ્રગટાવવા
શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરાવનાર નવકાર મહામંત્ર છે.

શુદ્ધ ધર્મનો પ્રકર્ષ સ્વરૂપરમણતા છે.
સ્વરૂપરમણતા યા આત્મરમણતા એ જ
વસ્તુસ્વભાવ રૂપ શુદ્ધ આત્મધર્મ છે.

તેની પ્રાપ્તિ કરાવી આપનાર હોવાથી નમસ્કાર મંત્ર
એ મહામંત્રપણાની સંજ્ઞાને ધારણ કરે છે, તે યથાર્થ છે.

નવકારનું સાતમું પદ જણાવે છે કે:

'નમો' પદ વડે પાપનું મૂળ અભિમાન અને
તેનું મૂળ 'અહં' જાય છે, તેના પરિણામે
બાહ્યાત્મભાવ સ્વરૂપ પાપભાવનો નાશ થાય છે.

'અરિહં' પદ બોલતાં જ સર્વ મંગળોમાં પ્રવેશ થાય છે.

અંતરાત્મભાવ કે ક્ષયોપશમભાવની પ્રાપ્તિ થવી,
તે જ સર્વ મંગળમાં પ્રવેશ થવાની નિશાની છે.

નિરંતર વધતું એવું પ્રથમ મંગળ,
જેનું મૂળ શુદ્ધ આત્મતત્ત્વ છે, તે જ રક્ષણ કરનાર છે.

'તાણં' પદ વડે તે શુદ્ધ તત્ત્વની સાથે એકતાનતા થાય છે.

તેનાં ફળસ્વરૂપ પ્રથમ પ્રકૃષ્ટ મંગળ સ્વરૂપ
પરમાત્મભાવની યાને ક્ષાયિક ગુણોની પ્રાપ્તિ થાય છે.

એ રીતે નવકારનું પ્રથમ પદ જ સર્વ
પાપનાશ કરવા દ્વારા બહિરાત્મભાવને દૂર કરી આપી,
સર્વ મંગળોની પ્રાપ્તિ દ્વારા અંતરાત્મભાવમાં પ્રવેશ
કરાવી અંતે પ્રધાન મંગળરૂપ પરમાત્મભાવની નિકટ લઈ
આવે છે, તેથી અત્યંત આદરપૂર્વક આરાધવા લાયક છે.

તેમાં ચિત્ત, વિત્ત અને પાત્રનો અનુરૂપ સંયોગ છે.
'તાણં' પદથી ચિત્ત, 'નમો' પદથી વિત્ત અને
'અરિહં' પદથી પાત્ર, ત્રણે સર્વોત્કૃષ્ટ છે.

## નવકારમાં સ્થિત પંચ પરમેષ્ઠિની વિગત

**અરિહંત: વર્ણ શ્વેત - શુક્લ**

પૃથ્વી તત્ત્વ : રસ કષાય - અંતે મીઠો,
સ્પર્શ - ૧૬ આંગુલ,
સંસ્થાન - વર્તુલ, ૮ પ્રાતિહાર્ય, આકૃતિ = □,
૪ મૂલાતિશય, ૪ ઘાતીકર્મનો ક્ષય,
૧૨ થા ૮ આંગુલ, રંગ પીત, ૫૦ પલ - ૨૦ મીનીટ.

**સિદ્ધ : વર્ણ લાલ - અગ્નિવર્ણ**

અપ કે જલતત્ત્વ : રસ તીખો તીક્ષ્ણ - સૂક્ષ્મતા - દુર્ભેદ્યતા,
સ્પર્શ - ૪ આંગુલ - અનંત ચતુષ્ટય, આકાર - ત્રિકોણ = △,
૧૫ થા ૧૨ આંગુલ, ૪૦ પલ - ૧૬ મીનીટ.

**આચાર્ય : વર્ણ પીત - સુવર્ણ**

તેજ કે અગ્નિતત્ત્વ : રસ મીઠો, આંગુલ - ૧૨ - દ્વાદશાંગી,
આકાર સમચતુરસ્ર = □,
ચતુર્વિધ સંઘ ઉપર આદેશાત્મક,
૪ આંગુલ, ૩૦ પલ - ૧૨ મીનીટ.

<u>ઉપાધ્યાય : વર્ણ - લીલો,</u>

<u>વાયુતત્ત્વ</u> : રસ ખાટો, અંગુલ ૮ - અષ્ટ પ્રવચનમાતા,

આકાર - ધ્વજ = ⊳

૮ યા ૫ અંગુલ, ૨૦ પલ - ૮ મીનીટ.

<u>સાધુ</u> : વર્ણ - કાલો, કાજરચિતરી, વિચિત્રવર્ણ,

<u>આકાશતત્ત્વ</u> : રસ - કડવો, અંગુલ - શૂન્ય,

આકાર = ૦ - ગગનસદૃશ, સર્વવ્યાપક, સર્વ પદાર્થનો આધાર,

૦ - ૦ અંગુલ, ૬૦ પલ - ૪ મીનીટ.

પવન ગુહ્યકારી, પ્રધાન પરિષદાદિ, સર્વ પદાર્થની પ્રાપ્તિ.

<u>Relaxcation is a result of meditation.</u>

શાંત, સ્થિર, સ્વસ્થ થવું સહેલ નહિ, પરન્તુ એ થયાં વિના આ કષ્ટમય જગતમાંથી મુક્તિ પણ મળનાર નહિ.

જેનું બધું છૂટી જાય છે, તેને બધું મળી રહે છે.

જે ખાલી થાય છે, તેનામાં એવું કાંઈક પ્રકાશે છે કે તે ભલે નવકારની જેમ પ્રકાશનો પણ પ્રકાશ હોય અને જે અંધકારમય જીવનને પણ રોશન કરે છે.

'નમો અરિહંતાણં'માં 'નમો' પદનો અર્થ

'નમો' એટલે સ્વીકાર તથા અભિમુખતા.
'નમો' એટલે કૃતજ્ઞતાભાવ તથા પાપોની કબુલાત.
'નમો' એટલે આભારભર્યું હૃદય, ઝુકેલા થવાની ક્રિયા,
સમર્પિત થવાની ક્રિયા તથા ગ્રહણ કરવાની પ્રક્રિયા.
નમો એટલે ઝુકેલું હૃદય, ઝુકેલું મન.
નમો એટલે વફાદાર હોવાનો દાવો.
નમો એટલે ભય-ચિંતાદિનો અસ્વીકાર.
નમો એટલે સંપૂર્ણ શ્રદ્ધા, આદર, બહુમાન.
નમો એટલે ભાવનો આભારપૂર્વક સ્વીકાર.
નમો એટલે પોતાના શુદ્ધ સ્વરૂપની અભિમુખતા.
નમો એટલે દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના, શરણાગમન.
નમો એટલે અનંત આનંદ, સુખના નિધાનમાં વાસ.

રોજની કુલ ૨૦ માળા મોક્ષમાર્ગ પ્રાપ્તિ માટે:

'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ।' તથા
નમોત્થુણંની ૯ સંપદાઓની એક એક માળા ગણવી.

## નમસ્કાર વડે...

પાપમાત્રનું મૂળ મિથ્યાત્વ નાશ પામે છે અને
ધર્મમાત્રનું મૂળ સમ્યક્ત્વ પ્રગટે છે.
ભેદબુદ્ધિનો એકાંત તે મિથ્યાત્વ છે તથા
કથંચિત્ અભેદભાવ તે સમ્યક્ત્વ છે.
અઢારે પાપનું મૂળ એકાંત ભેદબુદ્ધિ છે અને
નવે પ્રકારના પુણ્યનું મૂળ કથંચિત્ અભેદભાવ છે,
પરમાત્મા અપરાધની ક્ષમાપના અને ભગવાનના ઉપકારની
સ્વીકૃતિપૂર્વકનું આત્મસમર્પણ તે નમસ્કાર પદાર્થ છે.
શુદ્ધાત્મ તરફ જે પર્યાય વળે, તેજ તે ભાવનમસ્કાર છે.
તે ભાવમંગળ છે, તે મિથ્યાત્વાદિ પાપનો વિધ્વંસક છે.
શુદ્ધ આત્માના ધ્યાનમાં જ
અનંત અરિહંત અને અનંત સિદ્ધ સમાઈ જાય છે, કેમકે
બધાનું સ્વરૂપ સમાન છે. પાંચે પરમેષ્ઠિ અને તેમાં
રહેલાં ત્રણે ગુણનું સ્મરણ, ધ્યાન અને બહુમાન
શુદ્ધ આત્માના નમસ્કારમાં રહેલું છે.

શ્રી નમસ્કાર મહામંત્રના સતત મંત્રજપમાં નિત્ય નવો જ અર્થ થાય છે. શબ્દ તેના તે જ રહે છે અને અર્થ નિત્ય નૂતન પ્રાપ્ત થાય છે, જેમ કે:

ધાન્ય જૂનું તે છે, છતાં નિત્ય તેમાં નવો સ્વાદ ક્ષુધાના પ્રમાણમાં અનુભવાય છે. તે જ વાત તૃષાતુરને જળમાં અને પ્રાણ ધારણ કરનાર જીવને પવનમાં અનુભવાય છે. તૃષા તથા ક્ષુધાને શમાવવાની અને પ્રાણને ટકાવવાની તાકાત જ્યાં સુધી જળ, અન્ન અને પવનમાં રહેલી છે, ત્યાં સુધી તેની ઉપયોગીતા અને નિત્ય નૂતનતા માનવ મનમાં ટકી રહે છે.

નવકારનો જાપ પણ આત્માની ક્ષુધા-તૃષાને શમાવનાર છે.

'તે પુરુષો ધન્ય - વંદનીય - પવિત્ર છે કે જેઓએ કામ - ક્રોધ - લોભ - મોહ - માન રૂપી મલ્લ અને બળ ય આકરા દોષરૂપી મલ્લો જીતી લીધા છે.'

આવા અનેક અનેક દિવ્ય ભાવનાઓ શ્રી નમસ્કાર મહામંત્રના સ્મરણ સમયે થઈ શકે છે.

મંત્ર અને મનોગુપ્તિ એક જ છે,
તેથી બંને ચૌદ પૂર્વના સાર છે.
'નમો' પદ પ્રમોદ અને કરુણાવાચક છે.
નમસ્કાર ચતુર્વિધ સંઘનો પ્રાણ છે અર્થાત્
કરુણા - માધ્યસ્થ્યાદિ ભાવો એ સંઘના પ્રાણ છે.
પ્રમોદભાવથી વિષયવૃત્તિ જાય છે તથા
કરુણાભાવથી કષાયવૃત્તિ જાય છે.
કષાયવૃત્તિ જીવના તિર્યક્ સામાન્યનો ઈન્કાર કરે છે,
વિષયવૃત્તિ ઊર્ધ્વતા સામાન્ય સ્વરૂપનો વિરોધભાવ છે.
જીવના તે બંને સ્વરૂપોનું રક્ષણ કરનાર ઔચિત્ય ભક્તિ
અને કારુણ્ય ઉભય ભાવો આવશ્યક ઉપકારક છે.
અહંકારમાં 'હ' અક્ષર પણ એવાથી નિંદાય છે.
તેમાં જેમ 'હ' અક્ષરને જ્યારે ઉકાર અને શૂન્યકાર વડે
જોડવામાં આવે છે, ત્યારે તે પદ 'હું' બને છે, તેથી જ
'હું'કાર ત્યાજ્ય છે. તેના સ્થાને નમસ્કાર ઉપાદેય છે.
નમસ્કાર વડે હુંકારનો નાશ એ જ પરમ પુરુષાર્થ છે.

## 'નમો' પદ સર્વશ્રેષ્ઠ કેમ?

'નમો' પદમાં નવધા ભક્તિ રહેલી છે.
નવ પ્રકારના રસોની એ ખાણ છે.
૯ પ્રકારના પ્રતિક્રમણ, સામાયિક તથા યોગ,
૬ પ્રકારના આવશ્યક, પાંચ આચાર, દાનાદિ ૪ ધર્મ,
ત્રણ રત્ન, શ્રુત - ચારિત્ર બે પ્રકારના ધર્મ આદિ
ધર્મના સઘળા પ્રકાર એકસાથે સંગ્રહિત થઈ જાય છે.
'નમો' પદ સ્નેહ - વાત્સલ્યનો ભંડાર છે,
પરંતુ તે સ્નેહ અને વાત્સલ્યમુક્ત ઉપર
સ્નેહ અને વાત્સલ્ય હોવાથી સર્વશ્રેષ્ઠ છે.

## નવકાર ગણતાં સિદ્ધાસન કેમ લાભકારી?

સિદ્ધાસનથી સર્વ રોગ મટે છે, નમ્રતા વધે છે,
૭૨૦૦૦ નાડીઓ વિશુદ્ધ થાય છે,
તેમાં નવીન રક્તનો સંચાર થાય છે,
પ્રભુના સ્મરણમાં દત્તચિત્ત થવાય છે તથા
મહિમા અને મોક્ષસુખનો લાભ થાય છે.

## અજપાજપની વ્યાખ્યા

જેમાં મંત્રોચ્ચારનો પ્રયત્ન નહિ, કિન્તુ
માત્ર મંત્રશ્રવણ છે, તે અજપાજપ છે.
તે શ્રવણ કોઈ ધ્વનિનું નહિ પણ માત્ર માનસિક તરંગો છે.
મનની ક્રિયા માત્ર સાક્ષિરૂપ રહેલ છે, વ્યાપારરૂપ નહિ.

## સાક્ષાત્કારની નિશાની

શરીર અને મનની કોઈપણ ક્રિયા થાય, ત્યારે
'તે ક્રિયા હું કરતો નથી પણ શરીર દ્વારા થાય છે,
મન દ્વારા થાય છે, હું તેનાથી એક અલગ તત્ત્વ છું'
એવી અનુભૂતિ સદાકાળ - કાયમ રહેવી,
તે આત્મસાક્ષાત્કાર થયો ગણાય.

છેદન - ભેદન, તાડન - તર્જનાદિ વખતે પણ શરીરથી
આત્માને અલગ અનુભવવાની ક્રિયા, તે 'સંયમ' છે.

અરિહંતપ્રભુની આજ્ઞાનો સાર બે વાક્યોમાં સમાઈ જાય:
આશ્રવ સર્વ પ્રકારે હેય છે, સંવર સર્વ પ્રકારે ઉપાદેય છે.
આશ્રવ = મન - વચન - કાયાના શુભાશુભ વ્યાપારો.

## 'નમો' પદ કારણ છે...

મોક્ષનું, વિનયનું અને શાંતિ - તુષ્ટિ - પુષ્ટિ - શુદ્ધિનું.

'નમો' પદમાં મુક્તિ, મુક્તિનો માર્ગ અને તેના સાધકને
નમસ્કાર હોવાથી તે મોક્ષનું કારણ પણ છે.
'નમો' પદથી દર્શનની શુદ્ધિ થાય છે.
તેમાં મતિ આદિ પાંચ જ્ઞાનોને ધારણ કરનારને
નમવાનું હોવાથી તે વિનયનું પણ કારણ છે,
'નમો' પદથી જ્ઞાનની શુદ્ધિ થાય છે.
'નમો' પદમાં તપ - સંયમ અને તેથી સત્ક્રિયા કરનારને
નમસ્કાર હોવાથી તે શુદ્ધિનું પણ કારણ છે.
'નમો' પદથી ચારિત્રની શુદ્ધિ થાય છે.
દર્શનગુણથી તુષ્ટિ, જ્ઞાનગુણથી પુષ્ટિ અને ચારિત્રગુણથી
શાંતિ અને શુદ્ધિ થાય છે. એ રીતે અર્હદ્ આદિ
પંચપરમેષ્ઠિઓનો નમસ્કાર જ્ઞાન - દર્શન - ચારિત્રગુણની
શુદ્ધિ કરે છે, તેથી પુષ્ટિ - તુષ્ટિ - શુદ્ધિ - શાંતિકર થાય છે.
વિનયગુણ પુષ્ટિ, ચારિત્રગુણ શુદ્ધિ, શ્રદ્ધાગુણ તુષ્ટિ આપે.

ચતુઃશરણગમન થાય છે.
તેમાં બાધક અંતરાયોનો નાશ દુષ્કૃતગર્હાથી થાય છે અને
સાધક સામગ્રીની પૂર્તિ સુકૃતાનુમોદનથી થાય છે.
અરિહંતાદિ ચારમાં રહેલ શરણાગમનને મુખ્ય બનાવવાથી
સંસર્ગારોપ અને તે દ્વારા સ્વશુદ્ધાત્માની સાથે
અભેદાનુભૂતિરૂપ પ્રણિધાન થાય છે, તે અભેદારોપનું ફળ છે.
નમો अरिहं - अरहं - अरुहं - તાણં.
રાગ - દ્વેષ - મોહને - હણનારા.
જ્ઞાન - દર્શન - ચારિત્રને - આરાધનારા.
દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદન - શરણાગમનને કરનારા.
તેઓ ભવસમુદ્રમાં દ્વીપ, મોહાંધકારમાં દીપ, આશ્રયાધાર,
ભવભયનું ત્રાણ છે, શરણ છે, ગતિ છે, આલંબન છે.
रागी दोषान् न पश्यति । द्वेषी गुणान् न पश्यति ।
मोही शरणं न गच्छति । ज्ञानी स्वदोषान् पश्यति ।
श्रद्धावान् परगुणान् पश्यति ।
चारित्रवान् स्वशरणं गच्छति ।

## તાત્ત્વિક નમસ્કાર એટલે...

### પરમાત્મા સાથે અંતરાત્માના મૈત્રીનું સાધન.

દૃષ્ટિ પ્રધાનપણે ગુણ તરફ રહે,
ત્યારે જ નમસ્કારનો પ્રારંભ થાય છે.
ગુણદૃષ્ટિ અને નમસ્કારભાવ બંને એક જ પદાર્થ છે.
મણસા ગુણપરિણામો, વાયા ગુણભાસણં ચેવ ।
કાયેણ સંપણામો એસ પયત્થો નમુક્કારો ॥ અર્થાત્:
મનથી ગુણીની વિચારણા, વચનથી ગુણ બોલવા અને
કાયાથી સમ્યગ્ પ્રણામ કરવા, તે નમસ્કારનો પદાર્થ છે.
ગુણદૃષ્ટિથી સ્નેહભાવ કેળવાય છે અને
સ્નેહભાવ વધવાથી ગુણદૃષ્ટિ કેળવાય છે.
નમસ્કારની ઉપલબ્ધિ જ્ઞાનાવરણીય અને
દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમથી થાય છે.
વંદના એ ધર્મ પ્રત્યે લઈ જવા માટે મૂળભૂત વસ્તુ છે.
વંદનાથી સ્નેહપરિણામ વિકસે, ગુણદૃષ્ટિ કેળવાય
તથા સમત્વભાવ પુષ્ટ થાય છે.

નમસ્કારની ઉત્પત્તિ ત્રણ હેતુથી માનેલી છે:

સમુત્થાન, વાચના અને લબ્ધિ.

સમુત્થાન = દેહ, વાચના = ગુરુસંયોગ,

લબ્ધિ = ક્ષયોપશમ સમજવાં.

દ્રવ્ય નમસ્કાર એટલે શરીરના પાંચ અંગો અથવા મન-વચન અને કાયા વડે જે સત્કાર કરાય છે તે. સત્કાર, સમુપાસના, અભ્યર્થના આદિ સમાનાર્થક છે. નમસ્કારનો પ્રધાન આધાર દેહ અને તેની ક્રિયા છે.

જગતમાં જે કાંઈ બનાવો બને છે,

તે સર્વમાં ગુણદૃષ્ટિ કેળવવી, તે ભાવનમસ્કાર છે, કેમકે બધા બનાવો પાંચ કારણો મળીને બને છે. પાંચે કારણો ઉપર પ્રભુત્વ પ્રભુની આજ્ઞાનું છે. આજ્ઞાની આરાધનાથી સુંદર અને વિરાધનાથી અસુંદર કાર્યો બને છે, તેથી પ્રત્યેક બનાવોની પાછળ આજ્ઞા દ્વારા કર્તૃત્વ પ્રભુનું આવે છે, તેથી તેને ગુણદૃષ્ટિએ જોવામાં પ્રભુનું બહુમાન, દોષદૃષ્ટિએ અબહુમાન છે.

અરિહંતોની આત્મા ષટ્ જીવનિકાય હિતસ્વરૂપ છે.
તેને નમસ્કાર એ ષટ્ જીવનિકાયના હિતને નમસ્કાર છે.
ષટ્ જીવનિકાય હિત, પ્રભુઆત્મા અને નમસ્કાર-
અહીં વસ્તુ એક જ અર્થને કહે છે.
ભાવસંકોચ એટલે મનઃપ્રણિધાન.
તે સમ્યગ્દૃષ્ટિ ઉપયોગવાનને હોય.
જિનાજ્ઞાનું પાલન, ચારિત્રનું અનુષ્ઠાન, ઉગ્ર, વીર, ઘોર
પરાક્રમપૂર્વકનો તપ, તે બધાં ભાવનમસ્કારનાં અંગો છે.
નમસ્કારની પ્રધાનતા જણાવવા 'નમો' પદ પહેલું છે.
નમસ્કાર વડે ઉત્પન્ન થતો ભાવોલ્લાસ
આત્મક્ષેત્રમાં ધર્મરૂપી અન્નને વાવે છે.
'જેની બોધરૂપે ઉપલબ્ધિ છે, તે વસ્તુ હૃદયની સંનિધિમાં
સાક્ષાત્ વિદ્યમાન છે' તેમ સમજીને નમસ્કાર કરવા.
નમસ્કાર એ પરમ સ્તુતિવાદ છે અને
તે યથાર્થ ક્રિયાદિ અનુસરતા
સદ્ભૂત ગુણોનું ઉત્કીર્તનરૂપ અને યથેચ્છ ફલપ્રસાધક છે.

નમસ્કારને જો ધ્યાનથી વિવશ કરાય,
તો શુભ કાર્યોમાં વ્યાઘાત કરનારા સર્વ વિઘ્નોનું
સમૂળ ઉચ્છેદન કરવા માટે સમર્થ થાય છે.
'પ્રણિધાન' એટલે પ્રયત્નસાધ્ય ધ્યાન.
તેને સિદ્ધ કરનારા પાંચ અંગો શ્રદ્ધા-મેધાદિને કહ્યાં છે,
તેથી ચિત્ત નિર્મળ અને પ્રસન્ન થાય છે.
ગ્રાહ્ય - ગ્રાહકભાવથી રહિત તન્મયભાવનું થવાથી
ધ્યેય સાથેની એકતા સધાય છે.
'પ્રણિધાન' એટલે ધ્યેય પ્રત્યેની એકાગ્રતા,
ધ્યેયને પ્રાપ્ત કરવાની અટલ આત્મશ્રદ્ધા,
ધ્યેય પ્રત્યે પરમ પ્રેમ, અખંડ પ્રીતિ અને વિશ્વાસ,
આશ્રય, શરણ અને અખંડ પ્રપત્તિ.
પ્રથમ પરમેષ્ઠિ શ્રી અરિહંત ભગવંતનો સ્વકીય
આત્મા સાથે અભેદ કરી 'દેવો ભૂત્વા દેવં યજેત્ ।'
એ નિયમ મુજબ સર્વ રીતે ધ્યાન કરવું,
તે 'અભેદ પ્રણિધાન' કહેવાય છે.

# નવકાર મહામંત્રનો મહિમા

'मन्यते ज्ञायते आत्मादेशोऽनेन इति मन्त्रः ।'

જેના દ્વારા નિજાત્મનો અનુભવ થાય, તે મંત્ર છે.

મહામંત્રના એક એક અક્ષરમાં

પંચ પરમેષ્ઠિની શુદ્ધ ચેતના સદા વ્યાપ્ત છે.

'નમો અરિહંતાણં' પદનો જાપ કરનાર, ભાવથી ઉચ્ચારનાર ત્રણે કાળના અરિહંતોની શુદ્ધ ચેતનામાં સાક્ષાત્ પ્રવેશ કરી તેમનો પુદ્ગલસ્પર્શ પામે છે. વળી આ નવકાર મહામંત્રનું બીજું, ત્રીજું, ચોથું અને પાંચમું પદ બોલનાર કે રટનાર, ત્રણે કાળ અને લોકમાં વ્યાપ્ત શુદ્ધ ચેતનાની અંદર જઈ વસે અને તેઓના મંગળ પ્રવાહો દ્વારા વીંટળાઈ જાય છે. મહામંત્રના જાપ દ્વારા સાધક અનુભવે છે કે દેવ-ગુરુ ધર્મ-સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે આ બધાં સત્યો તે માત્ર શાસ્ત્રનાં નહિ પરંતુ મારાં જીવનનાં સત્યો છે,

મારી અંગત માલિકીનાં છે અર્થાત્

મારાં જ લોહી, હાડ અને માંસરૂપ છે.

આવું ભાન થતાં સામર્થ્ય યોગ પ્રગટે છે, સાધકને તેના સ્વાત્મના રત્નનિધિમાં જ સર્વ સામર્થ્ય વિલસતું લાગે છે. આ બધાં રહસ્યો સ્વાનુભવના પ્રકાશમાં સમજાય છે.

સ્વાનુભવ સાધનાથી આવે છે.

મંત્રાધિરાજના અક્ષરામૃતને આંખની પાંપણીઓ અડાડવામાં જ તથા નવકાર મહામંત્રના સતત જાપમાં જ સાધના છે. સર્વ પ્રકારના શુભ ધ્યાનોનો રસાસ્વાદ માણવાનો ઉપાય સતત જાપ અને રટણ છે. મંત્રાધિરાજના જાપ દ્વારા દરેક પ્રકારનું શુભ ધ્યાન કરવાનું ફળ મળી શકે છે. ધ્યાનના મૂળમાં આત્મતત્ત્વનું શોધન અને અનુસંધાન છે. સર્વ ધ્યાનોનું ધ્યાનપણું તેની આત્મમયતાને લીધે પામે છે. શુદ્ધ આત્મતત્ત્વમાં લય થવાનો સરલ, સહજ અને સત્વર પંથ એક માત્ર શ્રી નમસ્કાર મહામંત્રનું ધ્યાન છે. આત્મમયતાનું સર્વોચ્ચ બિંદુ એકમાત્ર મહામંત્ર જ છે. મહામંત્રની સાધનાથી આત્માના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સહજ ઉલ્લાસથી લય સાધી શકાય છે.

'कस्मिन् खलु आकाशः ओतश्च प्रोतश्चेति ।'

શ્રુતિ: આકાશ ખરેખર કોનામાં ઓત-પ્રોત છે?

આનો ઉત્તર છે: અવિનાશી વિશુદ્ધ અક્ષરબ્રહ્મમાં.

નવકારના આ પ્રસિદ્ધ અક્ષરબ્રહ્મ કોઈને ભલે ન દેખાય,

પરન્તુ એ બધાને દેખે છે.

એનો અવાજ કોઈને ભલે ન સંભળાય,

પરન્તુ એ બધાનું સાંભળે છે.

એ અક્ષરબ્રહ્મ ભલે કોઈના ધ્યાનમાં ન આવે,

પરન્તુ એ બધાનું ધ્યાન રાખે છે.

કોઈ ભલે એને બુદ્ધિ વડે ન જાણી શકે,

પરન્તુ એ બધાને જાણે છે.

એકંદરે એનાથી જુદો કોઈ જ

દૃષ્ટા, શ્રોતા, ધ્યાતા કે વિજ્ઞાતા નથી.

આકાશમાં સર્વ અને અક્ષરબ્રહ્મમાં આકાશ વ્યાપ્ત છે.

નવકારનું પ્રથમ પદ અભ્યાસ કરીને કુશળ-અનુભવથી

થતો બોધ જ પાપક્ષય તથા ભાવમંગળનું કારણ છે.

આત્મસાક્ષાત્કાર માટેની પ્રથમ શરત

અર્થ અને કામની વાસનાથી સર્વથા વિરક્ત થવું તે છે.

સંપૂર્ણ બ્રહ્મચર્ય અને સંપૂર્ણ અપરિગ્રહની
વાસના વિના આત્માનુસંધાન અશક્ય છે.

અંતરાયોના નિવારણ માટે શું કરવું ?
યોગદર્શન મુજબ ઈશ્વરપ્રણિધાન,
તંત્રશાસ્ત્ર પ્રમાણે આરાધ્યનું ધ્યાન,
રાજયોગ મુજબ આત્મપ્રણિધાન અંતરાયોને નિવારે છે.

અરિહંતોની ઉપાસના

દ્રવ્ય-ગુણ-પર્યાયથી પોતાના આત્માને ઓળખવા માટે છે.

જે અરિહંતોને દ્રવ્ય - ગુણ - પર્યાયથી જાણે છે,
તે પોતાના આત્માને જાણે છે.
જે સ્વાત્માને જાણે છે, તેના રાગ-દ્વેષ રૂપ પાપોને
નિર્વાણની પ્રાપ્તિ થાય છે. અરિહંતોને ઓળખીને
જ્યારે તેમાં લીન થાય છે, ત્યારે
આકાશથી પણ વિશેષ વિશાળતા અનુભવે છે.

## મંત્રનો અંતિમ ફલાદેશ

મંત્ર વડે મનોગ્રંથિનો અભ્યાસ થાય છે.
પ્રથમ પૌદ્ગલિક વિષયના સંકલ્પ-વિકલ્પનો ત્યાગ, પછી આત્મતત્ત્વના વિચારમાં લીનતા અને છેલ્લે આત્મસ્વરૂપનું ભાન - એ મંત્રનો અંતિમ ફલાદેશ છે.
તે માટે શ્રદ્ધા અને સંકલ્પ-બળની જરૂર પડે છે.
શ્રદ્ધા એ વિચારોની ઘનતા સ્વરૂપ છે. સંકલ્પ એ વિચારોની એકાગ્રતારૂપ one-pointedness છે.
મંત્રમાં ભાવના અને શબ્દની ઘણી મોટી અસર છે.

ભાવના ઉત્સાહ જગાડનાર થાય છે,
શબ્દ પ્રભુશક્તિને ઉત્તેજિત કરે છે.

મંત્રસાધનામાં ભાષ્ય, ઉપાંશુ અને માનસ પછી અજપાનું સ્થાન છે. માનસજાપ સુધી મનની ક્રિયા છે, ત્યારબાદ અજપામાં મન શાંત થઈ જાય છે.
Listening of the still small voice
એને અનાહતનું શ્રવણ પણ કહે છે.

મંત્રમાં શબ્દ, અર્થ અને ભાવ - ત્રણેયનો સુમેળ રહેલ છે.
શબ્દનું ઉચ્ચારણ કર્મયોગ સ્વરૂપ બને છે,
અર્થનું આલંબન ભક્તિયોગરૂપ બને છે અને
અર્થ સાથે એકત્વની અનુભૂતિ એ ભાવયોગરૂપ બને છે.
ભક્તિયોગમાં શરણાગતિ મુખ્ય છે, જ્યારે
ભાવયોગ અને કર્મયોગમાં
પુરુષાર્થ - પુરુષકાર - પુરુષપ્રયત્ન - આત્મક્રિયાની મુખ્યતા છે.

શાસનરક્ષાનો સરળ ઉપાય શો છે ?

શાસનરક્ષાનો સરળ ઉપાય મંત્રસાધના વડે
દેવને પ્રત્યક્ષ કરવા અને તે દ્વારા સંઘ, સાધર્મિક,
તીર્થ આદિ ઉપર આવેલી આપત્તિ દૂર કરવી તે છે.
માનુષીશક્તિ ઉપર દૈવીશક્તિનો પ્રયોગ
કાર્યને સરળ બનાવે છે. વળી દેવસાધના માટે ઉત્તમ
તથા અધિકારી જીવોને પસંદગી આપવી જોઈએ.
વાત્સલ્ય અને પ્રેમ ગુણોથી ભરપૂર, બાલબ્રહ્મચારી, વિનીત
અને નિર્ભય - એવા પુરુષો તે માટે અધિકારી ગણી શકાય.

# નમસ્કાર મહામંત્રનું માહાત્મ્ય

નમસ્કારથી પાપનાશ અને મંગળનું આગમન કહ્યું છે.
મંગળ એ ધર્મ છે, તેનું મૂળ મૈત્રી છે.
અમંગળ એ પાપ છે, તેનું મૂળ અમૈત્રી છે.
'અમૈત્રીમાં અરાગ - અવિદ્યા - મિથ્યાત્વમોહનું સેવન છે,
મૈત્રીમાં જીવતત્ત્વના રાગનો પ્રકાશ, આત્મવિદ્યાનો વિકાસ
અને સમ્યક્ત્વ રૂપી સૂર્યનો ઉદય રહેલો છે.'
એ અર્થથી ભરેલો નમસ્કાર એ મહામંત્ર તથા સિદ્ધમંત્ર છે.

## 'નમો' મંત્ર એ...

આત્મસ્થિત સર્વ મહાન ખજાનાની સુવર્ણ ચાવી છે.
આત્મદ્રવ્યમાં સદા વિદ્યમાન ગુપ્તરૂપી અખૂટ ખજાનાનું
તાળું ખોલવા માટે ચાવીનું કામ 'નમો' મંત્ર કરે છે.
નમો એ સર્વ દિવ્યપ્રકાશ - સર્વ જીવનના સ્ત્રોતને
ઉઘાડવાની ચાવી છે, જેને અનંતકાળથી કાટ લાગેલો છે.
તેને દૂર કરવા માટે અપરાધની ક્ષમાપના, ઉપકારીની
ભક્તિ તથા અપકારી પ્રત્યે માધ્યસ્થ્યાદિ તેલની જરૂર છે.

## નમસ્કાર મહામંત્રના પરમ લાભ

નમસ્કાર મહામંત્ર ગુણરત્નો રૂપી ખજાનાથી ભરપૂર આત્મદ્રવ્યરૂપી તિજોરીનું તાળું ખોલી નાંખે છે અને

'ૐ નમઃ સિદ્ધં ।' મંત્રનું

ચૈતન્ય પ્રકટાવી આપે છે, સિદ્ધ વસ્તુને દેખાડે છે, તેના પ્રત્યે અહોભાવ જગાડે છે અને હંમેશ માટે તે એકરસરૂપ આનંદ અને સુખનો અનુભવ કરાવે છે. તે સિદ્ધ મંત્ર, શાશ્વત મંત્ર છે, સત્યનો પ્રકાશ પાડનાર મંત્ર છે, જેનું નિરંતર બ્રહ્મરંધ્રમાં ધ્યાન કરવું જોઈએ. નવકાર એ સમગ્ર દ્વાદશાંગી રૂપી ગુણરત્નોની પેટીનો પરમ સાર અથવા પ્રધાનરહસ્ય શુદ્ધ નય પરિણમન છે. તેથી જ તે દ્વાદશાંગીનો સાર કે પરમ રહસ્ય ગણાય છે. પ્રથમ પાંચ પદો વડે કૃતજ્ઞતા ગુણના પાલનપૂર્વક થતો

અનુકૂળ સંબંધ પર ઓછા અશુભ કર્મ અને

તેના આલંબનભૂત અયોગ્ય દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવનાં સંબંધમાં આવવાની જીવની અનાદિકાલીન યોગ્યતા ટાળે છે.

# નામમાં મનનો લય શા માટે આવશ્યક ?

નામમાં મનનો લય થવાથી નાદબ્રહ્મ પ્રગટ થાય છે.
સુરતાને શબ્દમાં જોડતા રહેવાથી સાધનામાર્ગ હાથમાં આવે.
સુરતા તે જીવ છે, શબ્દ તે પુરુષ છે.
જીવના ઉપયોગને પરમાત્મસ્વરૂપમાં પરોવવું,
તે નામસાધનાથી સરળ બને છે.
નામસ્મરણ જ્યારે માનસજાપની ભૂમિકાથી ઉપર જાય,
ત્યારે તે અજપા દ્વારા રૂપાતીતમાં લઈ જાય છે. અજપા
મનની શાંત અવસ્થા છે, રૂપાતીત ઉન્મનીભાવરૂપ છે.
અરિહંતોને નમસ્કાર અરિહંતોનો ઉત્કર્ષ અને
પોતાના અપકર્ષને જણાવનારો છે.
અરિહંતો શુદ્ધ આત્મસ્વરૂપવાળા હોવાથી શુદ્ધ આત્માનો
અપકર્ષ એ શાસ્ત્રાનુસારી યુક્તિથી નીકળતો બોધ છે,
જે લક્ષ્યાર્થ છે, અરિહંતના નમસ્કારથી સ્વશુદ્ધાત્માને
નમસ્કાર તે વ્યંગ્યાર્થ છે અને દ્રવ્ય - ગુણ - પર્યાયથી
પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણતા, તે તાત્પર્યાર્થ છે.

મંત્રજાપના મુખ્ય ત્રણ પ્રકાર : ભાષ્ય, ઉપાંશુ, માનસ.

માનસજાપ ઉત્કૃષ્ટ અજપાજાપમાં જવાનું છે.

માનસજાપમાં મનની ક્રિયા છે.

અજપામાં મન શાંત થઈને માત્ર આંતરશ્રવણ કરે છે.

અજપાજાપમાંથી રૂપાતીતમાં જવાનું છે.

રૂપાતીતમાં મનથી ઉપર થવાનું છે, તેનું જ નામ 'લય'.

તે આત્મબોધનું સાક્ષાત સાધન છે.

ભાષ્યજાપમાં બાહ્યજલ્પ છે, ઉપાંશુજાપમાં આંતરજલ્પ છે,

માનસજાપમાં કેવળ માનસિક આવૃત્તિ છે,

મનોમય ઉચ્ચારણ છે, જ્યારે અજપાજાપમાં મનોલય છે.

નમસ્કારને આત્મા સાથે અને

આત્માને સામાયિક સાથે સંબંધ રહેલો છે.

નમસ્કાર વડે પાંચ ભૂત અને મનની શુદ્ધિ થતી હોવાથી

મન સહિત પાંચ ભૂતની સાથે પણ સંબંધ રહેલો છે.

જે અરિહંતને દ્રવ્ય - ગુણ તથા પર્યાયથી જાણે છે, તે

આત્માને જાણે છે, તેના મોહ - અજ્ઞાન વિલય પામે છે.

# નવકાર અને નવપદમાં ૯ તત્ત્વ

ફક્ત એક નવકારને જ ગ્રહણ કરવાથી
સમગ્ર વિશ્વનું ગ્રહણ થઈ જાય છે.

| | | |
|---|---|---|
| અરિહંત | - | પુણ્યતત્ત્વ |
| સિદ્ધ | - | જીવતત્ત્વ |
| આચાર્ય | - | સંવરતત્ત્વ |
| ઉપાધ્યાય | - | નિર્જરાતત્ત્વ |
| સાધુ | - | મોક્ષતત્ત્વ |
| દર્શન | - | જીવ - અજીવતત્ત્વ |
| જ્ઞાન | - | પુણ્ય - પાપતત્ત્વ |
| ચારિત્ર | - | આશ્રવ - સંવરતત્ત્વ |
| તપ | - | બંધ - નિર્જરાતત્ત્વ |

દેવતત્ત્વ મોક્ષસ્વરૂપ, ગુરુતત્ત્વ સંવર - નિર્જરારૂપ
અને ધર્મતત્ત્વ શુભાશ્રવ, સંવર, નિર્જરારૂપ છે.
દેવ - ગુરુ અને ધર્મ એ ૯ તત્ત્વોનો જ સંક્ષેપ છે.
તેનો અંતિમ સંક્ષેપ આત્મા અથવા સામાયિક છે.

# પંચપરમેષ્ઠિ આપે ભેટ આત્મજ્ઞાનની

અરિહંત - સિદ્ધ દેવ પરોક્ષરૂપથી આત્મજ્ઞાન આપે છે.
આચાર્ય - ઉપાધ્યાય - સાધુ એ સર્વ ગુરુ છે,
તે પ્રત્યક્ષરૂપથી આત્મજ્ઞાન આપે છે.
નમસ્કાર કરનારો આત્મા દેવ અને ગુરુ ઉભયની ભક્તિ, શ્રદ્ધા અને કૃતજ્ઞતા સહિત નમસ્કાર દ્વારા સન્મુખ થઈ આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે, તેથી જેમ દેવ એ દેવ છે, તેમ ગુરુ પણ દેવ છે અને એ બેની સન્મુખ થનારો આત્મા પણ દેવ છે.
ત્રણે તત્ત્વ દેનારા છે - લેનારા નહિ, તેથી પૂજ્ય છે.
સાચા મંત્રો એક બાજુ અર્થથી દેવ - ગુરુ - આત્માનું ઐક્ય સધાવે છે અને બીજી બાજુ શબ્દથી મન - પ્રાણ - આત્માનું ઐક્ય અનુભવાવે છે.
અંતે મન પોતે જ દેવ, પ્રાણ પોતે જ ગુરુ અને આત્મા તે બન્નેથી અભિન્ન પ્રતીત થાય, ત્યારે મંત્રચૈતન્ય પ્રગટ્યું ગણાય છે.

## નમસ્કાર એટલે 'સદ્ભાવ પરિણમન'

નવકારના પ્રથમ બે પદોમાં દેવતત્ત્વ, બાકી ૩ પદોમાં ગુરુતત્ત્વ છે અને ત્રીજા ચાર પદોમાં ધર્મતત્ત્વ છે.

દેવતત્ત્વ દેનાર-ગુરુતત્ત્વ દેખાડનાર-ધર્મતત્ત્વ ચખાડનાર છે.

આપણી અંદર રહેલ આત્મતત્ત્વને સાક્ષાત્ આપનાર,
દ્રવ્ય - ગુણ - પર્યાયથી આત્માનું શુદ્ધસ્વરૂપ
સ્વાનુભૂતિથી ઓળખાવનાર, મોક્ષ આપનાર
સિવાય દેવતત્ત્વ, બીજું કોણ ? જેને જેની અનુભૂતિ
થઈ હોય, તે જ બીજાને તેની અનુભૂતિ કરાવી શકે.

એ દૃષ્ટિએ શુદ્ધ આત્માને આપનાર
એક દેવતત્ત્વ જ છે, તેથી તેમની ભક્તિમાં
'તુંહી તુંહી' એવો અનન્યભાવ આવવો જોઈએ.

દેવતત્ત્વ અને તેમાં રહેલ દેવાની અનન્ય શક્તિને
દેખાડનાર હોવાથી ગુરુતત્ત્વ પૂજ્ય છે.

ગુરુતત્ત્વ દ્વારા દેખેલ આત્મતત્ત્વને ચખાડવાની શક્તિ
તેમને નમસ્કાર કરવામાં આવતાં ધર્મમાં છે.

નવકારના નિદિધ્યાસન - ધ્યાન - એકાગ્ર ચિન્તન માટે:

(1) ૪૮ મીનીટ સિદ્ધાસને બેસવું.

(2) ૨૦ મીનીટ ૐકારનો જાપ કરવો.

(3) ૫ મીનીટ મનને નિર્વિચાર કરવું.

(4) ૨ મીનીટ પ્રાણીમાત્રમાં એક જ આત્મતત્ત્વને જોવું.

(5) ૨ કલાક રોજ મૌન પાળવું.

(6) હંમેશા માટે ચર્ચા અને વિવાદનો ત્યાગ કરવો.

(7) સર્વદા માધ્યસ્થભાવ કેળવવો.

આત્મા સો પરમાત્મા

પરમાત્માનું ધ્યાન એ પોતાના જ પરમ આત્માનું ધ્યાન છે, આત્મા અને અરિહંતમાં કાંઈ જ ફેર નથી.

આખરે તો Oneness reigns.

શ્રી નમસ્કાર મહામંત્રના મંત્રજાપ વડે
હૃદય વિશુદ્ધ, કોમળ, સાત્ત્વિક અને
દયાળુ બની જાય છે, તેથી કોઈપણ
દુઃખી જીવને સહાય કરવા, સેવા કરવા પ્રેરાય છે.

સિદ્ધભગવંતોના અનંત ચતુષ્ટયના મૂળમાં કરુણા રહેલી છે.
કરુણા વિના કોઈપણ સાચા ગુરુની,
સુખની કે આનંદની ઉત્પત્તિ નથી.

જીવને પ્રેમ આપવાથી આનંદની ઉત્પત્તિ થાય છે,
સર્વને પ્રેમ આપવાથી પરમાનંદની અનુભૂતિ થાય છે
તથા સર્વ પ્રત્યે સમાન પ્રેમવાળા હોવાના કારણે
પરમોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

વ્યષ્ટિમાંથી છોડાવનાર સમષ્ટિ છે અને
સમષ્ટિભાવ જ જીવને પરમોક્ષભાવમાં લઈ જાય છે.

મંત્રશાસ્ત્રમાં 'મહામંત્ર' તેને કહેવાય છે કે જે
મંત્રનું કાર્ય પ્રગટ થયું હોય. તે ત્યારે જ પ્રગટે કે જ્યારે
મંત્રશક્તિ અને પ્રભુશક્તિની એકતા
નાભિકંદ આદિ ચક્રોમાં સિદ્ધ કરવામાં આવે. એ માટે
દીર્ઘકાળ સુધી નિરંતર ભાવપૂર્વક અભ્યાસ કરવો પડે છે.
આ અભ્યાસથી મંત્રાક્ષરોમાં તાદાત્મ્ય ઉત્પન્ન થતાં
સર્વ કાર્યો સિદ્ધ થાય છે.

'ૐ નમઃ સવ્વ પાવપ્પણાસણો ।'
એ એકાદશ - ૧૧ અક્ષરનો મંત્ર છે.
૭ ચોવીહારા ઉપવાસ કરી આ મંત્રનું વિધિપૂર્વક
આરાધન કરવાથી સર્વ અંતરાય કર્મનો નાશ થાય છે.
વિધિમાં નિરાશંસભાવ અને બ્રહ્મવ્રતાદિનું પાલન,
જિનપૂજા, કષાયનિગ્રહ આદિ ગ્રહણ કરવાના છે.
નવકારના પ્રથમ પાંચ પદ 'ૐ નમઃ'માં આવી જાય છે
તથા ચૂલિકાના ચાર પદ
'સવ્વ પાવપ્પણાસણો ।'થી ગ્રહણ થઈ જાય છે.
પંચ પરમેષ્ઠિનો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે.
સમ્યગ્દૃષ્ટિ સુકૃતમાત્રની અનુમોદના, દુષ્કૃતમાત્રની
ગર્હા તથા અરિહંતાદિ ચારેનું શરણ અંગીકાર કરે છે.
શરણાગમનથી ભવ્યત્વનો પરિપાક - આત્મલાભ થાય,
દુષ્કૃતગર્હાથી પાપ અને તેના પરિણામે દુઃખ ટળાય છે.
સુકૃતાનુમોદનાથી ધર્મ અને પરિણામે સુખ પ્રાપ્ત થાય છે.
દુષ્કૃતગર્હાથી પાપ જાય, સુકૃતાનુમોદનાથી ધર્મ આવે.

## મંત્ર કરતાં પણ મંગળનો મહિમા સવિશેષ કઈ રીતે?

V.V. Imp.

નવકાર મંત્ર અને એનું પ્રથમ પદ નમો
તેના પ્રથમ પદનું પણ પ્રથમ પદ
એ શ્રી જિનશાસનમાં દ્વાદશાંગીનો સાર, ચૌદ પૂર્વનો ઉદ્ધાર
અને સંસારસાગરનો નિસ્તાર કરનાર કહેવાય છે.
જેનો છેલ્લો શ્વાસ નવકારના ધ્યાનમાં જાય છે...
એનું મરણ એ પંડિતમરણ બની જાય છે,
તેના ભવચક્રના ફેરા કપાઈ જાય છે,
તેના જન્મ-મરણનો ઉચ્છેદ થઈ જાય છે,
તેથી તે આત્મા કૃતકૃત્ય બની જાય છે.
નવકાર એ પંચમંગલ રૂપ પ્રધાન છે, મંત્ર પછી છે.
નવકારને કેવળ મંત્ર માનવો,
તે principalને professor બનાવવા જેવું છે.
મંત્રમાં મનની જરૂર પડે છે.
મંગળ દર્શન, શ્રવણ આદિ અનેક રીતે સ્પર્શ કરે છે.
મંત્ર કરતાં પણ મંગળનો મહિમા સવિશેષ છે.

# નવકારની મંગળમયતા

પંચ પરમેષ્ઠિઓની મંગળમયતાના કારણો છે.
મનનથી ત્રાણ કરે છે, તેથી મંત્ર છે અને
અવલંબનથી ભવ ગાળે છે, માટે મંગળ છે.
સામાન્ય અને વિશિષ્ટ મંત્રોમાં સમાન શક્તિ નથી.
કેવળ બુદ્ધિબળના અક્ષરો યા તાત્ત્વિક સમાપત્તિરહિત
મંત્રોમાં આત્મલાભ કરવાની તે શક્તિ નથી કે જે શક્તિ
નમસ્કારાદિ સિદ્ધ અને શાશ્વત મંત્રોમાં રહેલી છે.
'નમો અરિહંતાણં ।' એ મંત્ર બોલતાંની સાથે જ
'મમિ તદ્રૂપં, સ એવાઽહં ।' ઇત્યાકારક પ્રતીતિ થાય છે અને
તે પ્રતીતિ પરમ સમાપત્તિનું કારણ બનીને
કાલક્રમે નિર્મળ આત્મસ્વરૂપનું આવિષ્કરણ કરે છે.
'નમો અરિહંતાણં મમિ તદ્રૂપં સ એવાઽહં ।'
એ ષોડશાક્ષરી મંત્ર પ્રભૂત શક્તિવાળો બને છે.
નમસ્કાર વડે જાગતો શુભ અધ્યવસાય અથવા
મંગળ ભાવ જ કર્મક્ષયનું અસાધારણ કારણ છે.

નમસ્કાર મંત્રની આરાધનાથી જીવરાશિ ઉપર
સ્નેહપરિણામનો વિસ્તાર થાય છે અને
દ્રવ્ય, ગુણ, પર્યાયથી શુદ્ધ આત્મસ્વરૂપનો બોધ થાય છે.

નમસ્કાર મંત્રનું આરાધન એ ક્રિયાયોગ છે,
તેનાથી થતો સ્નેહપરિણામનો વિસ્તાર એ ભક્તિયોગ છે
અને તેથી થતો આત્મસ્વરૂપનો બોધ એ જ્ઞાનયોગ છે.
આમ જ્ઞાન, ભક્તિ, કર્મ ત્રણેનો સુમેળ કરાવનાર હોવાથી
એક નમસ્કાર મંત્રનું આરાધન પણ
જીવને મોક્ષમાર્ગરૂપ બની સકલ કર્મનો ક્ષય કરાવે છે.
કર્મયોગથી તમોગુણ રૂપી મલ ધોવાય છે, ભક્તિયોગથી
રજોગુણ રૂપી વિક્ષેપ દૂર થાય છે અને જ્ઞાનયોગથી
અવિશુદ્ધ સત્ત્વગુણજનિત આવરણ દૂર થાય છે.
કર્મયોગ સતતાભ્યાસરૂપ, ભક્તિયોગ વિષયાભ્યાસ રૂપ
અને જ્ઞાનયોગ ભાવાભ્યાસરૂપ છે.

ઐશ્વર્ય બે પ્રકારનું છે: એક જ્ઞાનરૂપ અને
બીજું જીવોના ઉદ્ધારના સત્ય સંકલ્પસ્વરૂપ.

મંત્રજાપથી સંકલ્પ-વિકલ્પરૂપ પાપ જાય છે અને
મંત્રધ્યાનથી પૂર્વસંચિત કર્મ જાય છે.

એનાથી કેવળજ્ઞાન અને ક્રમથી નિર્વાણલાભ થાય છે. પાપ એટલે રાગ-દ્વેષ અને કર્મ એટલે રાગ-દ્વેષથી થતો અને પૂર્વે થયેલો કર્મનો કચરો.

મંત્ર વડે સંકલ્પ-વિકલ્પથી મુક્ત થવાય છે અને રાગ-દ્વેષથી પણ મુક્ત થાય છે, તેથી નવાં કર્મબંધ થતો નથી અને પૂર્વકૃત કર્મ નિર્જરી જાય છે, પરિણામે કેવળજ્ઞાન અને નિર્વાણસુખની પ્રાપ્તિ થાય છે.

मंत्रं(૧) संसारसारं त्रिजगदनुपमं सर्वपापारिमंत्रं(૨)
संसारोच्छेदमंत्रं(૩) विषमविषहरं कर्मनिर्मूलमंत्रं(૪)।
मंत्रं(૫) सिद्धिप्रदानं शिवसुखजननं केवलज्ञानमंत्रं(૬)
मंत्रं(૭) श्री जैनमंत्रं(૮) जपजपजपितं जन्मनिर्वाणमंत्रं(૯)॥१॥

આ શ્લોકમાં 'મંત્ર' શબ્દ ૯ વાર આવે છે, તે નવકારમંત્રમાં રહેલ નવપદ અને નવતત્ત્વનો સૂચક છે તથા મંત્રની શાશ્વતતાને જણાવે છે.

નમસ્કાર વડે પ્રાપ્ત થતાં અનુગ્રહનું ફળ મોટું છે.
નમસ્કારથી માન ટળે, અજ્ઞાન ટળે, મિથ્યાજ્ઞાન ટળે છે.
નમસ્કારથી સમ્યગ્ દર્શન - સમ્યગ્ જ્ઞાનગુણ પ્રગટે છે,
પ્રવૃત્તિ સુધરે છે, જીવો સાથે મૈત્રી બંધાય છે અને
શુદ્ધાત્મસ્વરૂપ સાધકો અને સિદ્ધ પ્રત્યે ભક્તિ જાગે છે.
મૈત્રી અને ભક્તિ એ નમસ્કારનું સરળ ફળ છે.
મૈત્રી વડે અહિંસા, ક્ષમાદિ ધર્મોની સિદ્ધિ થાય છે અને
ભક્તિથી આત્મજ્ઞાન - શ્રદ્ધા - રમણતા પ્રાપ્ત થાય છે.
નમસ્કારનું અનંતર ફળ = જીવમૈત્રી તથા જિનભક્તિ.

ભાવ કોઈ પદની આરાધના

અર્થાતઃ નમસ્કાર મહામંત્રની જ આરાધના છે.
જેમ લોગસ્સ, ઉવસગ્ગહરં, નમુત્થુણં અથવા એવાં જ
કોઈ ભાવ પદથી - ભલે એ ન આવડે તેવા પદના
આલંબનથી એકાદ ધ્યેય આવડે છે, પરન્તુ
કોઈપણ પદના આલંબનમાં એકાગ્રતા કેળવવાનું કાર્ય
અત્યંત પ્રબળતાથી થતું નથી, જેવું નમસ્કારથી થાય છે.

અરિહંતના ધ્યાનથી અશુભધ્યાન ટળે, શુભધ્યાન સાંપડે.
એ ઉપકારના બદલામાં
કૃતજ્ઞતારૂપે પણ તેમને નિત્ય વંદનાદિ કરવાં જોઈએ.
'સંસાર અસાર છે, કર્મજન્ય તે દુઃખમય છે,
પાપમય છે, સ્વાર્થમય છે તથા ધર્મ મંગળમય છે'
તેવું પ્રથમ જ્ઞાન આપનાર અરિહંતો છે.
આત્માની અવિનાશીપણાંનું ભાન સિદ્ધભગવંતો કરાવે છે.
આચારપાલનની કઠોરતા સિદ્ધ કરવા વડે
બાળકોને આચારસંપન્ન બનાવનાર આચાર્યો છે.
વિનયગુણને સ્વયં સિદ્ધ કરી
બાળકોને તે સિદ્ધ કરાવનાર ઉપાધ્યાય ભગવંતો છે.
સંસારનો અને કર્મનો બોજો જીવો ઉપર છે,
તેને ઉતારવામાં સાધુ સહાય કરે છે. સ્વયં સહન કરે,
સહાય કરવા છતાં 'પોતે સહાયક છે' એમ માનતાં નથી
પણ અરિહંત, સિદ્ધ, આચાર્ય અને ઉપાધ્યાયની
સેવા કરવામાં જ પોતાનો જન્મ સાર્થક ગણે છે.

'નમો અરિહંતાણં |' એ વિશ્વસંવાદી મહામંત્ર છે.
નમસ્કારમંત્રનો જાપ એ સર્વોત્તમોત્તમ પાત્રોને
સન્માનનું દાન દેવાની એક વિશિષ્ટ પ્રક્રિયા છે.
તેમાં મનશુદ્ધિ, વચનશુદ્ધિ અને કાયશુદ્ધિની સાથે
છેલ્લું નમસ્કારરૂપી નવમું પુણ્ય સધાય છે, તેથી નવમું
પાપ લોભ તથા અઢારમું પાપ મિથ્યાત્વશલ્ય નાશ પામે
તથા સંતોષ અને સમ્યક્ત્વગુણ આવિર્ભાવને પામે છે.

સમ્યક્ત્વગુણ તત્ત્વરુચિ રૂપ છે અને
સંતોષગુણ અતત્ત્વરુચિનો નાશ કરે છે.

સંતોષ વૈરાગ્યસ્વરૂપ અને સમ્યક્ત્વ મૈત્રીસ્વરૂપ છે.
પરમેષ્ઠિ નમસ્કાર વડે આત્માને આધ્યાત્મિક ક્ષુધાની
શાંતિ તથા ગુણોની તુષ્ટિ, પુષ્ટિ, શુદ્ધિ અનુભવાય છે.
મંત્ર તે કે જેની કર્તૃત્વશક્તિ વિષે અડગ શ્રદ્ધાવાળી
પ્રતીતિ હોય. સત્ત્વસંકલ્પ ઉપરાંત મહાવ્રતધારી અને
ઉગ્ર તપસ્વી મુનિની સાધના અવશ્ય ફળે છે.
મંત્રમાં વિશ્વાસ જાગૃત એ મોટું પ્રમાણ છે.

## નવકારમાં બીજી રીતે નવ તત્ત્વ

અરિહંત - સિદ્ધ એ મોક્ષતત્ત્વ છે.

આચાર્ય - ઉપાધ્યાય - સાધુ એ સંવર - નિર્જરાતત્ત્વ છે.

'એસો પંચ નમુક્કારો' એ પુણ્યતત્ત્વ છે.

'સવ્વ પાવપ્પણાસણો' એ પાપતત્ત્વને ઓળખાવે છે.

'મંગલાણં ચ સવ્વેસિં' એ

ક્ષયોપશમભાવે અજીવમિશ્ર જીવતત્ત્વને અને

'પઢમં હવઇ મંગલં' શુદ્ધ જીવતત્ત્વને ઓળખાવે છે.

નવકાર શબ્દરૂપે...

ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કર્મની સાથે સંબંધ રાખે છે.

નવકાર અર્થરૂપે...

શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયની સાથે સંબંધ રાખે છે.

નવકાર ભાવરૂપે...

બુદ્ધિ, ચિત્ત, અહં વગેરે વૃત્તિઓ સાથે સંબંધ રાખે છે.

એ ત્રણે એકસાથે મળીને સમગ્ર આત્મદ્રવ્યનું સ્વસંવેદન

કરાવે છે, જે સકલકર્મમલાપગમનું મુખ્ય કારણ છે.

નવકારમંત્ર વડે થતું દેવ-ગુરુ અને ધર્મનું
શ્રવણ, મનન, નિદિધ્યાસન પછી આત્મવિષયક
દ્રવ્ય-ગુણ-પર્યાય સંબંધી પ્રમાણ, પ્રમેય-પ્રમાતિવિષયક
યથાર્થ બોધ કરાવી આત્માનુભૂતિ સુધી પહોંચાડે છે.
એ અનુભૂતિ ઘાતીકર્મનો અને પરંપરાએ સકલ કર્મનો
ક્ષય કરાવી નિર્વાણપદને પમાડે છે.

દ્રવ્યથી આત્મા પૂર્ણ છે, ગુણથી બધા જીવદ્રવ્ય એક છે
અને પર્યાયથી પ્રયત્ન વડે શુદ્ધ થઈ શકે છે.
એ પ્રયત્ન નવકારના નિત્ય અને એકાગ્રતાપૂર્વકના
સૂત્ર, અર્થ, આલંબનથી થતાં સ્મરણરૂપ છે.

એથી સમતાયોગ અને વૃત્તિસંક્ષયયોગની સિદ્ધિ થાય છે.
સમતાયોગ ઇષ્ટાનિષ્ટવિષયક કલ્પનાનો છેદ ઉડાડે છે
અને વૃત્તિસંક્ષયયોગ શારીરિક સ્પંદ અને માનસિક
વિકલ્પનો નિરોધ કરી અજરામર પદ પ્રાપ્ત કરાવે છે.
તે પહેલાંના અધ્યાત્મ, ભાવના અને ધ્યાન નામના
ત્રણ યોગ માટે જે આત્મભ્રાંતિદોષનું નિરાકરણ કરે છે.

'પરમેષ્ઠિ નમસ્કાર ચૌદ પૂર્વનો સાર છે'
એનો અર્થ પરમેષ્ઠિઓ કથંચિત અભિન્ન
એવો આત્મા જ ચૌદ પૂર્વનો સાર છે,
દ્વાદશાંગીનો સાર છે, [illegible] [illegible]નો સાર છે.
[illegible] [illegible]માં સાર ચૌદ પૂર્વ,
ચૌદ પૂર્વમાં સાર નવકાર, નવકારમાં સાર સ્વશુદ્ધાત્મા.
પ્રાણ, ઇંદ્રિય અને મન-ત્રણના સંયોગાદિ મંત્ર બને છે,
તેથી મંત્ર પોતે પ્રાણમય, મનોમય અને ઇંદ્રિયમય છે.
એટલા માટે પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનો જાપ
અથવા શ્રી જિનેશ્વર દેવોએ કહેલાં
શાસ્ત્રોનું અધ્યયન, એ સર્વોત્કૃષ્ટ સ્વાધ્યાય છે.
નવકારમાં મસ્તક ઝુકાવાને
કર્મના સર્જનમાત્રને ધર્મના શરણમાં ઝુકાવવાનું છે,
હાથ જોડીને ધર્મના સ્વામીની સાથે એકમેક થવાનું છે.
નમસ્કાર એ કર્મથી પોતાની જાતને અલગ કરવાની
અને ધર્મની સાથે જોડાઈ જવાની ક્રિયાનું નામ છે.

નમસ્કાર = કર જોડ, માન મોડ વંદન કરું છું.
નમસ્કારમાં મનથી માન છોડવાનું છે,
કરથી હાથ જોડવાના છે અને
ધર્મ - ધર્મસાધક - ધર્મસિદ્ધની સાથે અભેદ થવાનું છે.
જેનું સાધન મંત્ર, મંત્રોચ્ચાર, મંત્રમનન અને
તે દ્વારા કર્મક્ષય અને આત્મલાભ મેળવવાનો છે.
મંત્રના ઉચ્ચારણ વડે પ્રાણ, પ્રાણની ગતિ વડે મન,
મનના મનન વડે બુદ્ધિ - ચિત્ત અને
તે બધા ઉપરનો અહં ઓગાળીને શુદ્ધ થવાનું છે.
શુદ્ધ અંતઃકરણમાં આત્મતત્ત્વનું પ્રતિબિંબ પડે છે.
દ્રવ્ય - ગુણ - પર્યાયથી અરિહંતરૂપે આત્મદર્શન થાય છે.
નવકારના પ્રથમ પદના જાપથી મોહવિષનો વિલય થાય છે,
કર્મરોગની ચિકિત્સા થાય છે, ભવભયથી શરણ મળે છે.
દ્રવ્ય - ગુણ - પર્યાયથી થતું અરિહંતનું ધ્યાન
પોતાના મોહ તથા અજ્ઞાનનો નાશ કરે છે અને
જન્મ - જરા - મરણના ભયથી મુક્ત બનાવે છે.

નમો પદનું માહાત્મ્ય ॐ જેઠ સુદ ૮, રવિવાર

'નમો' પદ એ પાપનું પ્રાયશ્ચિત છે.
આજ સુધી કરેલા પરમાત્માની, આત્માની, સંઘની,
શાસ્ત્રની, ગુરુજનોની તથા ધર્મની કરેલી
આશાતના - અવિનયાદિ પાપો અને હિંસાદિ પાપસ્થાનોના
દીર્ઘકાલીન સેવનના ક્રૂર સંસ્કારની નિંદા - ગર્હા છે.

'નમો' પદ એ ગુણી પુરુષોનો વિનય છે.
સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા ગુણીને ધારણ કરનાર
સર્વ મહાપુરુષો પ્રત્યે આદર અને વિનયપ્રયોગ છે,
સ્વપરજનિત ગુણનો પ્રમોદ છે.

'નમો' પદ એ સર્વોત્તમ પાત્રોની ભક્તિવૈયાવચ્ચ છે.
તેમને સુખ અને સમાધિની પ્રબળ ઈચ્છારૂપ છે.
તેમને સન્માર્ગમાં આવતાં વિઘ્નોની પરંપરાને
સર્વ શક્તિથી દૂર કરવાની ભાવનારૂપ છે.
તેમના અંતરાત્માને જે રીતે શાંતિ પ્રાપ્ત થાય, તેમ
મન, વચન, કાયાના વીર્યને ફોરવવાની પ્રબળ ઈચ્છા છે.

'નમો' પદ પાંચ પ્રકારના સ્વાધ્યાય વડે
પાંચ પરમેષ્ઠિઓને ઓળખવાની,
તેમના શુદ્ધ સ્વરૂપને જાણવાની ઇચ્છારૂપ છે.

આત્મજ્ઞાન માટેનાં આલંબનોને જાણી - સદ્દહીને તત્સ્વરૂપ બનવાની ભાવનારૂપ છે. 'નમો' એ પરમેષ્ઠિ ભગવંતોનું એકાગ્ર ચિત્તે ધ્યાન કરવાની પ્રક્રિયા છે. ધર્મધ્યાનની પરંપરાએ શુક્લધ્યાનની એકતા પ્રાપ્ત થાય છે.

'નમો' પદ એ વાસીચન્દન - કલ્પ, જીવિત - મરણ, લાભ - અલાભ, માન - અપમાનાદિ દ્વંદ્વોને અવગણીને શુદ્ધ આત્મસ્વરૂપમાં રહેવાની કાયોત્સર્ગરૂપ પ્રક્રિયા છે.

એ રીતે અભ્યંતર તપના સર્વ પ્રકારોનું આરાધન
જેમાં સંગ્રહિત થયું છે, એવું 'નમો' પદ
સાગરથી પણ ગંભીર, સૂર્યથી પણ તેજસ્વી, ચંદ્રથી પણ શીતલ તથા આરોગ્ય, બોધિલાભ, સમાધિને દેવાવાળું છે.
'નમો' પદ પ્રાયશ્ચિત્તનું સાધન છે, 'અરિહં' પદ ધ્યાનનું આલંબન અને 'તાણં' પદ સમતા - સમાધિવાચક છે.

'નમો' પદથી પ્રત્યાહાર પર્યંતના યોગાંગો સધાય છે, 'અરિહં' પદથી ધારણા - ધ્યાન થાય, 'તાણં' પદ સમાધિરૂપ આપે. 'નમો' વડે સંકુચિત 'અહં'નો નિષેધ થાય, 'અરિહં' વડે અનંત, નિઃસીમ, અમર્યાદ એવા આત્મસ્વરૂપમાં લીન થવાય છે. 'નમો' પદ અનંત અને અગાધ એવા આત્મસ્વરૂપ ઉપર મનને લઈ જવા, કુદકો કે છલાંગ ભરવાને માટે કાયા, વચન, મનને સંકોચવાની ક્રિયા તથા દ્રવ્ય - ભાવ સંકોચ કરીને આત્મસ્વરૂપમાં પહોંચવા માટેનો વ્યાયામ છે. 'નમો' પદમાં પોતાના વિષય તથા કષાયરૂપી અહં પદનો પરિત્યાગ છે અને નિર્વિષય, નિર્વિકાર, નિરંજન, નિત્ય, શુદ્ધ આત્મસ્વરૂપ અર્હંભાવ - આર્હંત્યમાં પહોંચવા માટેનો શુદ્ધ આધ્યાત્મિક સિદ્ધ પ્રયોગ છે.

પંડિત પ્ર. જી. પારેખ લખે છે કે:

શ્રી નવકાર મહામંત્ર જૈન શાસનમાં સર્વોપરિ સ્થાન ધરાવનાર અતિ મહત્ત્વનો, પવિત્રતમ અને શક્તિશાળી શ્રેષ્ઠ નમસ્કાર છે, તેમાં ય 'નમો' પદ આરાધનારૂપ છે.

આત્માની ભૂમિકા તેવા પ્રકારની હોય,
તો આરાધનારૂપ નમસ્કારમાત્રથી
મોક્ષ પ્રાપ્ત કરાવી આપવાની તેમાં શક્તિ છે.
જે હાથ જોડી મસ્તક નમાવવા માત્રથી
સક્રિય નમસ્કાર થઈ શકતો નથી.
જેઓની ઇચ્છા આ મહામંત્રનો લાભ ઉઠાવવાની હોય,
તેઓએ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન તથા સ્મરણ પ્રકારાદિક
પ્રણિધાન વગેરે પૂર્વક સ્મરણાદિ કરવાં જોઈએ.
આ નવકાર મંત્ર એ ઉત્સર્ગ સ્થાન ઉપર છે, ત્યારે
આ કરેમિભંતેની આરાધના અપવાદ સ્થાન ઉપર છે. તે
જૈનધર્મનાં સાચાં સ્થાનો છે, તેને બદલે તેમાં આગળ-
પાછળ પૂરતો જ ફેરફાર તે જ આશાતનારૂપ બની રહે છે.
આ નવકાર મંત્ર એ છૂટા-છૂટા પાંચ અધ્યયન અને
ચૂલિકારૂપ મહાશ્રુતસ્કંધ છે.
તેનું એક કવિતાની કડીરૂપે ગાન કરવું,
એ મહા તેની આશાતના છે.

'નમો' પદ 'તત્ત્વમસિ'ને કહે છે,
'અરિહં' પદ 'અયમાત્મા બ્રહ્મ'ને સૂચવે છે અને
'તાણં' પદ 'અહં બ્રહ્માસ્મિ' અર્થના પ્રતીતિકારક છે.
'પ્રજ્ઞાનં બ્રહ્મ' લક્ષણવાક્ય ત્રણેયમાં અનુસ્યૂત છે.
વેદના ચારે મહાવાક્યોનો સમાવેશ આ રીતે
નવકાર મહામંત્રના પ્રથમ પદમાં સંગ્રહિત થઈ જાય છે.
એક લક્ષણવાક્ય છે, બીજું ઉપદેશવાક્ય છે,
ત્રીજું સ્વરૂપદર્શક છે અને ચોથું અભેદવાચક છે.
'સર્વં ખલ્વિદં બ્રહ્મ' તથા 'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ'
વગેરે વાક્યો પણ તેમાંથી ફલિત થાય છે.
'નમો' પદ શરણાગમન, દુષ્કૃતગર્હા અને
સુકૃતાનુમોદના ત્રણેના સંગ્રહરૂપ છે.
તેનો જ વિસ્તાર પ્રથમના ૫ તથા પછીના ૪ પદોમાં છે.
શરણાગમન સૂચવનારાં પ્રથમ પાંચ પદો છે,
દુષ્કૃતગર્હા સૂચવનારાં પછીનાં બે પદો છે અને
સુકૃતાનુમોદના સૂચવનારાં અંતિમ બે પદો છે.

જપ એ અધ્યાત્મ છે, કેમકે તેનો પ્રારંભ
સૂક્ષ્મ અધિક ભાષાવર્ગણાના અવલંબનથી થાય છે.
ભાષા, શ્વાસોશ્વાસ, મન અને કર્મ - ઉત્તરોત્તર સૂક્ષ્મ છે,
તે બધાને આવરી લેવાની શક્તિ વર્ણાત્મક મંત્રજપની
વિધિયુક્ત આરાધનામાં રહેલી છે, તેથી ઇષ્ટદેવતાની સ્તુતિ
રૂપ નવકારના મંત્રજપથી અધ્યાત્મનો પ્રારંભ થાય છે.
જપ પછી ઔચિત્યાલોચન, બીજું અંગ અધ્યાત્મ છે.
તેમાં હવે વિશિષ્ટ કોટિની ભૂમિકામાં
આગળ વધવા પોતાની યોગ્યતાને તપાસવાની હોય છે.
જનશ્રુતિ, યોગ-નિમિત્તશુદ્ધિ આદિથી તેની પરીક્ષા થાય.
તે પૂર્વક થયેલું ધર્મારાધન નિર્વિઘ્નપણે પાર ઉતરે છે.
અધ્યાત્મનું ત્રીજું અંગ આત્મસંપ્રેક્ષણ છે.
દુષ્કૃતગર્હાદિ વડે આત્મશુદ્ધિ એ તેનો વિષય છે,
તેનો જ વિસ્તાર પછી દેવાદિવંદન, પ્રતિક્રમણ અને
મૈત્ર્યાદિ ભાવોનું સંવેદન કરવું, તે છે. તે અનુષ્ઠાનો
વડે શરણાગમનાદિ ક્રિયાઓ સહેલાઈથી બની શકે છે.

સાધુપદ કેવળ સાધના - સિદ્ધપદ કેવળ સિદ્ધિ માટે છે.

સાધુપદમાં સર્વની સાથે અભેદ સાધવાનો છે.

'સર્વમાં હું જ બિરાજમાન છું' એવી સદ્દષ્ટિ - સમજને

અહિંસા - ક્ષમાદિ ધર્મોની સાધના કરવાની છે.

તે સાધના ૧૨ વર્ષ - ૨૪ વર્ષ - ૩૬ વર્ષ થયાં બાદ તેનો

ઉપદેશ જગતને આપવાનું કાર્ય - તે ઉપાધ્યાય પદ છે.

તેનું પાલન કરાવવાનું કાર્ય આચાર્યપદનું છે.

તે બે પદ સક્રિય છે, સિદ્ધપદ અક્રિય છે.

અહિંસા અને ક્ષમાદિ ધર્મની સિદ્ધિ તે સિદ્ધપદ છે અને

જગતને તે સિદ્ધ કરાવવાનું સક્રિય કાર્ય અરિહંત કરે.

અરિહંતપદ એ સિદ્ધપદ નથી, આચાર્યપદનું માધ્યમ છે.

સાધુપદ મૂળરૂપે નથી, સિદ્ધપદ ફળરૂપે સર્વવ્યાપી છે.

સાધુપદ જીવોને પોતાનામાં સમાવે, સિદ્ધપદ સર્વ રૂપે

પોતે બને છે. અરિહંત પદ સર્વમાં પોતે વ્યાપે છે.

સાધુ અવસ્થા સ્વમાં સર્વને સમાવે છે અને

અરિહંત અવસ્થા સર્વમાં સ્વને વ્યાપક બનાવે છે.

સાધુને કુશળ સાધના કરવાની હોય છે, તેમાં
માર્ગદર્શન ઉપાધ્યાયનું, શિસ્તપાલન આચાર્યોનું અને
આજ્ઞાપાલન અરિહંતોનું છે.

સિદ્ધપદ ફળસ્વરૂપ, બધાના લક્ષ્ય, ધ્યેયસ્વરૂપ છે
આમ સાધુ અને સિદ્ધપદ સર્વવ્યાપી છે. અરિહંતાદિ પછી
તે ઉપદેશાદિ વડે ભવ્યજીવોમાં વ્યાપકતાને વિસ્તારે છે.
દેવતત્ત્વ અને ધર્મતત્ત્વની ચાવી ગુરુતત્ત્વમાં છે.

## છઠ્ઠું કલ્યાણ કોને કહેવાય ?

છઠ્ઠું કલ્યાણ ચિત્તવૃત્તિને કલ્યાણમાં એટલે કે
આત્મસ્વરૂપમાં પરોવી રાખવી, તે છે.

અનાત્મભાવમાં ચિત્તવૃત્તિની રમણતા એ જ અકલ્યાણ છે,
કલ્યાણસંબંધ કારણ હોવાથી પરકલ્યાણસ્વરૂપ દેવતત્ત્વ
અને અરિહંતે પ્રરૂપેલા ધર્મતત્ત્વમાં સંબંધ કરાવવા માટે
ગુરુતત્ત્વ સમર્થ થાય છે. કલ્યાણપ્રધાન ગુરુના પ્રત્યક્ષ
સંબંધથી જ પરોક્ષ એવા કલ્યાણસ્વરૂપ
દેવ અને કલ્યાણમાં ચર્યારૂપ ધર્મનો સંબંધ થઈ શકે છે.

ગુરુથી 'નમો' મંત્ર મળે છે,

મંત્રથી અરિહંત દેવનું સ્વરૂપ ઓળખાય છે અને તેથી મન, પ્રાણ અને આત્મા દેવગુરુની ભક્તિમાં જોડાય છે.

મંત્રના સ્મરણ વખતે શું વિચારવું ?

મંત્રનું સ્મરણ પરિશુદ્ધ અને વિધાનપૂર્વક થવું જોઈએ. મંત્રરૂપી મૂર્તિને ગ્રહણ કરીને દેવોના પણ દેવ, સર્વજ્ઞ, સર્વવ્યાપી અને રાગાદિ દોષરહિત શાંત એવા ભગવાન શ્રી જિનેશ્વર દેવ મારી સમક્ષ સાક્ષાત્ પ્રગટ થયાં છે.

Omniscient, Omnipresent and Omnipotent એવા પરમાત્માની સાથે ગુરુપ્રદત્ત મંત્ર વડે મારા આત્માની એકતાની અનુભૂતિ થઈ, તેનો પ્રમોદ, સર્વ સર્વ આત્મપ્રદેશોએ એટલે કે સર્વ રોમ - રોમમાં પ્રગટ થવો જોઈએ.

મંત્રસિદ્ધિમાં અતિ આવશ્યક બે મુખ્ય કારણ આમ્નાય અને વિશ્વાસ ભાવના.

ગુરુ પરંપરાગત આમ્નાયનું અનુસરણ, તે આમ્નાય.

તેને સંપ્રદાય - ગુરુપરંપરા આદિ શબ્દોથી ઓળખાય છે.
મંત્રપ્રદાતા ગુરુમાં આ તત્ત્વનો નિશ્ચય તે જ વિશ્વાસ છે.

ત્રીજું સહકારી કારણ ચૈતન્યભાવન છે.
ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પ્રાણોનું
ચૈતન્યભાવન સાધનાનું કારણ બને છે.
આ ભાવનાને 'તાત્ત્વિક વિમર્શ' કહેવાય છે,
તેથી મંત્રચૈતન્ય શાશ્વતઃ પ્રકટે છે.

જો મંત્રો નિર્મળ અને પવિત્ર ન હોય,
તો વિશિષ્ટ પ્રકારે સિદ્ધિ થતી નથી.

મંત્રમાં જે નિર્મળતા - પવિત્રતા આવે છે, તે મુનિઓમાં રહેલ અભેદ પ્રણિધાનની વિશેષ શક્તિથી આવે છે. આવા મુનિઓના મુખમાંથી નીકળેલા મંત્રો અત્યંત વીર્યવાળા, નિર્મળ, પવિત્ર અને સર્વ સિદ્ધિપ્રદ હોય છે. જો મંત્રના દ્રષ્ટા મુનિઓ રજોગુણ - તમોગુણથી રહિત, સત્ત્વગુણી હોય છે, તેમ સાધક પણ સત્ત્વગુણી હોય,
તો તેને મંત્ર અલ્પકાળમાં ફળે છે.

# જિનકલ્પ એટલે શું ?

'નમો' એ જીવાત્માને પરમાત્મા તરફ જવા માટે એનું કાર્ય કરે છે. એને 'અર્ધમાત્રા' પણ કહે છે. ત્રિમાત્ર તરફથી અમાત્રમાં જવા માટે તે પુલનું કામ કરે છે.

તેને 'જિનકલ્પ' પણ કહે છે.

ચતુર્થ ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધીની અંતરાત્મ ભાવની અવસ્થાઓ જિનકલ્પથી અભિવ્યક્ત થાય છે.

'નમો'ને અરિહંતાદિ નવપદની સાથે જોડવાથી અવ્યક્ત એવા જિનકલ્પને વ્યક્ત સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

સંપૂર્ણ અવ્યક્ત દશા અમાત્રપદમાં છે.

અર્ધમાત્રામાં અંશે વ્યક્ત અને અંશે અવ્યક્તદશા છે.

અરિહંત સાથે 'નમો' પદ જોડાય છે, ત્યારે મનનું attention સંસાર તરફથી વળી મોક્ષ તરફ જોડાય છે, સિદ્ધપદ સાથે જોડાય, ત્યારે Interest જાગે છે, 'નમો' પદ જ્યારે આચાર્યપદ સાથે જોડાય છે, ત્યારે મોક્ષની desire ઉત્પન્ન થાય છે.

'નમઃ' પદ જ્યારે ઉપાધ્યાયપદ સાથે જોડાય છે,
ત્યારે internal desire કે will પ્રગટે છે.
'નમઃ' પદ જ્યારે સાધુપદ સાથે જોડાય છે,
ત્યારે power of Imagination પ્રકટે છે.
'નમઃ' પદ જ્યારે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને
સમ્યક્ચારિત્ર પદ સાથે જોડાય છે, ત્યારે અનુક્રમે
Visualisation, Identification
and complete Absorption force થાય છે.
પછી ઉન્મની કે મનોનાશની સ્થિતિ અનુભવાય છે.
તે અમાત્ર અવસ્થામાં લઈ જવાનું અનંતર સાધન બને છે.
એ રીતે 'નમઃ' પદ સાથે થતું નવપદીનું ધ્યાન
જીવને બહિરાત્મભાવમાંથી છોડાવી અંતરાત્મભાવમાં લાવી
પરમાત્મભાવમાં સ્થાપનારું થાય છે,
તેથી પુનઃ પુનઃ કરવા લાયક છે.
ધ્યાન સમયે દ્રવ્યાર્થિકનું લક્ષ મુખ્ય બને છે, જ્યારે
ક્રિયા સમયે પર્યાયાર્થિકનું લક્ષ મુખ્ય રહે છે.

# સંપૂર્ણ નવકાર સમગ્ર દ્વાદશાંગીનો સાર

નવકારના પહેલાં બે પદમાં દેવતત્ત્વ
જેમાં દ્રવ્યાર્થિકનયની પ્રધાનતાનો વિચાર છે,
નવકારના બીજા ત્રણ પદમાં ગુરુતત્ત્વ
જેમાં ગુણાર્થિકનયની પ્રધાનતાનો વિચાર છે અને
નવકારના છેલ્લા ચાર પદમાં ધર્મતત્ત્વ
જેમાં પર્યાયાર્થિકનયની પ્રધાનતાનો વિચાર છે,
એ રીતે દ્રવ્ય - ગુણ - પર્યાયસ્વરૂપ
આત્મવસ્તુના સમગ્ર વિચારને આવરી લેતો હોવાથી
સંપૂર્ણ નવકાર સમગ્ર દ્વાદશાંગીનો સાર ગણાય છે.
સંપૂર્ણ દ્વાદશાંગીના સ્વાધ્યાયથી મળતું ફળ મેળવવાનો
અધિકારી નવકારનો જાપ કરનાર પણ બની શકે છે.
જેમ દ્વાદશાંગી નવતત્ત્વમય છે, ષડ્દ્રવ્યમય છે,
પંચાસ્તિકાયમય છે, ષટ્સ્થાનમય છે, તેમ
નવકાર પણ નવતત્ત્વમય, ષડ્દ્રવ્યમય, પંચાસ્તિકાયમય,
ષટ્સ્થાનમય ઇત્યાદિ સર્વ રૂપે રહેલો છે.

નવકારમંત્રના પહેલાં ૫ પદો તીર્થને અને છેલ્લાં
ચાર પદો તીર્થસ્થિતિના ફળરૂપે તત્ત્વને જણાવે છે.
પહેલાં પાંચ પદો તીર્થ સ્થિતિ માટે છે કે તેમને
કરવામાં આવતો નમસ્કાર તત્ત્વપ્રાપ્તિમાં કારણ બને છે.

આત્મતત્ત્વ શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાય યુક્ત છે.
અનાદિકાળના કારણે તે કર્મના સંબંધમાં આવેલું છે.
તે સંબંધમાંથી છૂટવાની યોગ્યતા પણ તેનામાં રહેલા છે.
તે યોગ્યતાનો વિકાસ તીર્થના સંબંધથી છે.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ - એ તીર્થ છે,
કારણ કે તેમણે પૂર્વે તીર્થના સંબંધથી શુદ્ધ દ્રવ્ય - ગુણ -
પર્યાયની પ્રાપ્તિ કરેલી છે અને કરવા સતત પ્રયત્નશીલ છે
તથા એ માર્ગે ચાલીને તત્ત્વપ્રાપ્તિ કરવા અતિશયવાળી
વાણી અને અતિશયવાળા જીવનથી માર્ગ દર્શાવી ગયાં છે.
'બધા જીવોને તત્ત્વની પ્રાપ્તિ થાઓ' એવો તેઓનો
સંકલ્પ અને ભાવના હોવાથી તેમનું સ્મરણ, ધ્યાન,
પૂજન, સ્તવન અને આરાધનાદિ તત્કાળ ફળે છે,

તેથી જ નવકારની ચૂલિકામાં કહ્યું છે કે:

પાંચેને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે,
સર્વ મંગળોમાં પહેલું મંગળ બને છે.

આત્મતત્ત્વનું અજ્ઞાન અને મોહ એ પાપ હતું,
તે આત્મતત્ત્વના જ્ઞાન અને વિવેક દ્વારા નાશ પામે છે.
એ વિવેક પંચપરમેષ્ઠિસ્વરૂપના ધ્યાનથી જાગ્રત થાય છે.
અજ્ઞાન-મોહ નાશ પામ્યા પછી અવશેષ રાગ-દ્વેષાદિ
ચાલ્યા ગયાં બાદ પ્રધાનમંગળરૂપ શુદ્ધ આત્મસ્વરૂપનો
દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભાન થાય છે,
તે સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે.

તીર્થની સેવાથી ઉત્પન્ન થતું પુણ્ય
એ પાપનો નાશ કરે છે અને તેથી જાગેલો વિવેક
ધર્મમંગળ દ્વારા શુદ્ધ આત્મતત્ત્વનો ભાન કરાવે છે.
નવકારના પ્રથમ પાંચ પદોમાં જ્ઞાન ભરેલું છે, છેલ્લા
૪ પદમાં તે જ્ઞાન મુજબ થતી ક્રિયાનું ફળ બતાવેલું છે.
બંને મળીને મહાશ્રુતસ્કંધ બને છે.

## 'અનાહત' તથા 'આત્મા'

મંત્રયોગ વડે 'અનાહત' સુધી પહોંચાય છે.
ધ્યાનયોગ વડે 'આત્મા'ને પામી શકાય છે.
મંત્રયોગમાં સાધન 'શબ્દ' છે, ધ્યાનયોગમાં સાધન 'મન' છે.
શબ્દ વડે બ્રહ્મ તથા મન વડે આત્મા સુધી પહોંચાય.
અનાહત પ્રકૃતિ છે, આત્મા દ્રવ્ય છે.
દુન્યવી બધાં નામ - રૂપોનું મૂળ તપાસવા જતાં
અનાહત અને આત્મામાંથી જ
તે સર્વની ઉત્પત્તિ થયેલી માલુમ પડે છે.
'અનાહત' એ ધ્વનિ હોવાના કારણે
ક્રિયારૂપ, વાગ્ગુણના આવિર્ભાવરૂપ છે અને
આત્મા એ સ્વસંવેદન રૂપ હોવાના કારણે
જ્ઞાનરૂપ, આત્માના જ્ઞાનગુણનો આવિર્ભાવ છે.
'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ ।'
એ સૂત્રનું અંતિમ તાત્પર્ય પણ
અનાહત અને આત્મામાં સમાવેશ પામે છે.

નવકારના પ્રથમ પદ દ્વારા દ્રવ્ય - ગુણ - પર્યાયથી
અરિહંતનું ધ્યાન કરનારનો મોહ નાશ પામે છે.
'અરિહં' પદ દ્રવ્ય - ગુણ - પર્યાયને ઓળખાવે છે.
'નમો' પદ વડે થતો તેમને નમસ્કાર
મિથ્યામોહ - આત્મ અજ્ઞાનનો નાશ કરે છે, તેથી
અસત્ પ્રવૃત્તિ છૂટી જાય અને સત્પ્રવૃત્તિ શરૂ થાય છે,
તે રાગ - દ્વેષક્ષય કરી શુદ્ધ આત્મતત્ત્વ પ્રાપ્ત કરાવે.
'તાણં' પદ શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ થનારું રક્ષણ જે
ત્રાણ બતાવે છે. શુદ્ધ એવા આત્મતત્ત્વનો લાભ થવાથી
હંમેશ માટે અભય, અદ્વેષ, અખેદ પ્રાપ્ત થાય છે.
દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદના વડે તથા
અસત્ના ત્યાગ અને સત્ના સેવન વડે
રાગ-દ્વેષનો ક્ષય થવાથી અખેદનો લાભ થાય છે.
પ્રથમ પદનું ધ્યાન એ રીતે મોહ અને અજ્ઞાન તથા
રાગ અને દ્વેષના ક્ષયનું કારણ બનીને
જીવની સિદ્ધિનો હેતુ બને છે.

## શ્રી નવકાર મહામંત્ર દ્વારા

જ્યાં ભગવાનનાં નામ અને ગુણોનું ગાન થાય છે,
ત્યાં બધાં પાપનાશક અને મંગળકારી તીર્થો વિદ્યમાન છે.
ભગવાનના નામમંત્રનો નિરંતર જાપ કરતાં રહેવાથી
મન મંત્રદેવતાની સાથે ઐક્યને પ્રાપ્ત કરે છે.
મંત્રાર્થનું ભાન ન હોય તો પણ એનું શુદ્ધ ઉચ્ચારણ
કરતી વખતે થતું વાયુનું કંપન પોતાનો પ્રભાવ પાડે છે,
જેમ રાગ - રાગિણીઓથી અપરિચિત હરિણ પણ
વાંસળીની મધુર સ્વરલહરી પર સ્તબ્ધ થઈ લીન બને છે.

'નમો' પદનો અર્થ છે:

Empty thyself & I shall fill Thee.

'નમો' ભાવમાંથી 'નમો' સ્વભાવ ચૈતન્યશક્તિ અર્પે.
સત્યના ભાન કરતાં સત્યની ઝાંખી, એ જુદી ચીજ છે.
નિસ્તરંગ, શૂન્ય, મૌન સ્થિતિમાં શાંત છતાં જાગ્રત
એવા ચિત્તના કહો અથવા 'હોવું માત્ર' અથવા
અસ્તિત્વનો અનુભવ, એ ધ્યાનની સ્થિતિ છે.

## શ્રી નમસ્કાર મંત્ર - મોહને જીતવાનો મંત્ર

ભક્તિ ભાવોમાં અહંત્વ - મમત્વ બુદ્ધિ છૂટી
કેવળ આત્મા અને તેના ગુણોમાં અહંત્વ-મમત્વ બુદ્ધિ
ઉત્પન્ન કરવાનું કાર્ય જે મંત્રથી થાય,
તે મંત્ર મોહને જીતવાનો મંત્ર છે.
નમસ્કાર મહામંત્ર જીવને બહિરાત્મભાવમાંથી છોડાવી
અંતરાત્મભાવમાં લઈ જાય છે અને
અંતરાત્મભાવ પરમાત્મભાવનું કારણ બને છે.
પરમાત્મભાવ સર્વ પ્રત્યે સમાન કરુણાભાવ ધરાવે છે.
ધર્મનું મૂળ કરુણા છે.
સિદ્ધ ભગવંતોના અનંત ચતુષ્ટયના મૂળમાં કરુણા રહેલી છે.
તે સર્વ ગુણોમાં વ્યાપ્ત છે, તેથી તેને જુદી ગણાવી નથી.
મંત્ર જ્યાં સુધી સવિકલ્પ છે, ત્યાં સુધી શબ્દબ્રહ્મ છે.
તે નિર્વિકલ્પ થાય, ત્યારે પરબ્રહ્મ સ્વરૂપ બને છે.
સમતાભાવ ધારણ કરનાર જીવ
મહાકર્તા, મહાભોક્તા અને મહાત્યાગી છે.

જેમ નમસ્કાર્યને નમસ્કાર એ મોક્ષનું કારણ છે,
તેમ નમસ્કાર્યને અનમસ્કાર એ સંસારનું કારણ છે.
નમસ્કાર્યને અનમસ્કાર તે એક પ્રકારનો સંક્લિષ્ટ
અહંકાર છે અને કોઈપણ અહંકાર પાપનું મૂળ છે.
પરમતત્ત્વો પ્રત્યે અહંકારભાવ એ પ્રકૃષ્ટ પાપ છે.
તે પાપથી મુક્ત થવા માટે નમસ્કાર અપરિહાર્ય છે.

જૈન શાસનનું સાચું રહસ્ય 'શુદ્ધ આત્મા',
તે નવકારના પ્રથમ પદ વડે અનુભવાય છે.

'નમો અરિહંતાણં |'

આ પદ વડે થતો નમસ્કાર શુદ્ધ આત્માને પહોંચે છે.

નવકારનું પ્રથમ પદ ચરણ પૂજન.

નમો અરિહંતાણં પદમાં સન્માનપૂર્વક
આદર તથા બહુમાનનું દાન છે, તેથી તે પૂજન ગણાય છે.

નમસ્કાર એ શ્રુત છે, આગમ છે.

શ્રુતોપયોગ રૂપી પ્રયોજન આત્મહિતપરિણામ અને
ભાવસંવરાદિ બહુ ભેદવાળું છે.

અરિહંતો એ ગણધરોના ઉપકારી હોવાથી
ગુરુ છે, તે વાત સાચી છે પણ એટલામાત્રથી તે ભિન્ન નથી
એમ નહિ, ભિન્નના અતિશયાદિ હોવાથી ભિન્ન છે અને
તત્ત્વના ઉપદેશક હોવાથી તેઓ જ ગુરુ છે અને
ઇંદ્રિય - કષાય - યોગ વગેરે શત્રુઓને કાબુમાં લેવાથી
ઉપકારી અને સાધુ પણ છે, તેથી
આદ્ય નમસ્કાર છેવટે અરિહંતોને જ ન્યાયપ્રાપ્ત થાય.
નમસ્કારનું અનંતર ફળ અહિં
ક્રિયારૂપે જ મળનારું ફળ જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષય
અને મંગળનું આગમન છે.

## નવકાર એ દ્વાદશાંગીનો સાર

'પરિણામની વિશુદ્ધિ' એ નમસ્કારનું ફળ છે અને
દ્વાદશાંગીનું પ્રયોજન છે. સમગ્ર દ્વાદશાંગીની રચના જ
'પરિણામની વિશુદ્ધિ' પેદા કરવા માટે છે.
તે કાર્ય આ પંચમંગલ નમસ્કારમંત્ર વડે પણ થાય છે,
તેથી તે દ્વાદશાંગીનો સાર અને ચૌદ પૂર્વોનો ઉદ્ધાર છે.

## શાશ્વત અસ્તિત્વ અરિહંતોનું

અરિહંત ભગવંત એ ઈતિહાસનો વિષય નથી,
એ તો સદા ય છે, એમની ઉપાસના સદા થઈ શકે.
તેમના સાંનિધ્યનો અનુભવ
આપણે જ્યારે કરવો હોય, ત્યારે કરી શકીએ છીએ.
અરિહંત પદ એ શાશ્વત પદ છે.
યોગી પુરુષો પોતાના હૃદયમાં
અરિહંતના અસ્તિત્વની, સાંનિધ્યની અનુભૂતિ કરી શકે.
એ 'અનુભૂતિ' એટલે કેવળ ઔપચારિક નહિ, કિન્તુ
એના પ્રચંડ સામર્થ્યનો જીવનમાં જીવંત અનુભવ કરે છે.
સાધના એક એવી ચાવી છે કે
અરિહંતો - ગણધરો, આચાર્યાદિ પૂજ્ય પુરુષો સાક્ષાત
હાજર ન હોવા છતાં તેમની ઉપાસના કરનાર સાધકને
જાણે સાક્ષાત હોય, એમ પ્રતીતિના જવાબો આપે છે.
મંત્રયોગમાં જ્યાં શુદ્ધ મંત્રજાપ સાથે પ્રબળ ભાવ
ન જોડાય, ત્યાં શુદ્ધ મંત્રનું ચૈતન્ય પ્રગટતું નથી.

નમસ્કાર થતાં જ સર્વ પાપનો પ્રણાશ અને
સર્વ મંગળોમાં પ્રથમ મંગળનો લાભ, તે જ સાર.
જે ક્ષણમાં નમસ્કાર, તે જ ક્ષણમાં સર્વ (અલ્પ નહિ)
પાપનો નાશ અને સર્વ (એક - બે નહિ) મંગળમાં
પ્રધાન મંગળનો લાભ, તે જ મોટું પુણ્યનું છે રહસ્ય.
'બધા મંત્રોની જન્મભૂમિ નવકાર છે' એટલે બધા
મંત્રદેવતાઓ એના વિશુદ્ધ પ્રભાવનું રૂપ ધારણ ન કરી શકે.
અન્ય અધિષ્ઠાતા દેવતાનું ધ્યાન જો અભિન્ન રૂપે
નિર્વિઘ્ન કરવું હોય, ત્યારે તે પૂર્વે પંચ નમસ્કાર
અવશ્ય ધ્યેય છે, તેથી આત્મા મળરહિત થઈ, પરમેષ્ઠિમય
બની શીઘ્રપણે તે તે દેવતાનું રૂપ ધારણ કરી શકે છે.
તેથી જ શ્રી સિદ્ધચક્રના ગર્ભમાં પણ નવપદો રહેલાં છે.

'નિતરાં સ્નાતં યેન સ નિષ્ણાતઃ ।'

નવકારરૂપ શબ્દબ્રહ્મમાં નિષ્ણાંત પરબ્રહ્મસ્વરૂપ થાય છે.
નિષ્ણાંત તે કહેવાય કે જેને નવકાર તત્ત્વથી સમજાયો.
શ્રુતસમુદ્રનું ગૂઢ અવગાહન કરવાથી નવકારરત્ન મળે છે.

## નમસ્કાર મંત્રમાં સૌથી મહત્વનું પદ કયું છે?

(૧)એસો પંચનમુક્કારો પદ અર્થાત્ 'પંચ નમસ્કાર' છે,
જે ચૌદ પૂર્વનો સાર છે. 'એસો' શબ્દ જણાવે છે કે
આ નમસ્કાર કે જે પંચમ પદના ઉચ્ચાર પછી સ્થિત છે,
તે 'એસો' શબ્દ વર્તમાનકાલીન પંચ નમસ્કારને સૂચવે છે
અને 'હવઈ' શબ્દ વર્તમાનકાલીન 'સર્વ પાપપ્રણાશ'
અને 'સર્વ મંગલમાં પ્રથમ મંગલ'ને સૂચવે છે.
ચૌદ પૂર્વનો સાર સર્વ અરિહંતો, સર્વ સિદ્ધો આદિ નહિ,
પાંચેનો શબ્દ સમૂહ પણ નહિ, કિન્તુ સાર તો
માત્ર પંચ નમસ્કાર; ક્રમશઃ પંચ નમસ્કાર થયાં પછી
આત્માની જે સ્થિતિ, તે પંચ નમસ્કારમય છે અર્થાત્
જ્યારે અનુક્રમે છેલ્લો નમસ્કાર લોકમાંના સર્વ
સાધુઓને કરવામાં આવે, ત્યારે આત્મા પંચ નમસ્કારમય
થઈ જાય છે, તે ચૌદ પૂર્વનો સાર છે. પંચ નમસ્કાર
એ માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને સહાય
- એ પાંચેનું એકીકરણ કે અભિન્નકરણ છે.

## અરિહંતાદિ પાંચ મંગળ છે:

અરિહંત, સિદ્ધ, સાધુ, ધર્મ એ ૪ મંગળ છે પણ તે બધા
કરતાં ય પ્રથમ - પ્રધાન - શ્રેષ્ઠ મંગળ પંચ નમસ્કાર છે.
વૈખરી વાણીરૂપ નમસ્કાર મહાશ્રુતસ્કંધ છે.
તેનો સાર મધ્યમા, તેનો સાર પશ્યંતી અને
તેનો સાર પરા છે. શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે:
જેની જીહ્વાના અગ્રભાગ પર નવકાર અસ્ખલિતપણે રમે
છે, તે શ્રુતસાગરના પારને પામી જાય છે, બીજા નહિ.

આનો અર્થ એ છે કે:

નવકારનું સતતપણે રટણ જ શબ્દબ્રહ્મમાં નિષ્ણાતતા છે.
તેનાથી શ્રુતની પાર એટલે પરબ્રહ્મ પમાય છે.
'રટણ કરનાર તેના અર્થનો જાણકાર જોઈએ'
એવું ત્યાં જણાવ્યું નથી, કેમકે
શબ્દબ્રહ્મને અર્થ સાથે કોઈ સંબંધ નથી.
એટલું પણ જાણે કે
અરિહંતાદિનું જે સ્વરૂપ અત્યારે આપણે જાણીએ છીએ,

તે અપેક્ષાએ પણ હોય. તે કારણે અર્થજ્ઞાન કરતાંય અધિક સૂત્ર એ પ્રાધાન્ય છે. સૂત્ર નિમિત્તરૂપ છે, અર્થ સાધનરૂપ, તેથી 'નમસ્કાર' એ ચૌદ પૂર્વનો સાર છે પણ તેનો અર્થ નહિ. એવો પણ નિયમ નહિ કે વધુ અર્થજ્ઞાન હોય, તો જ વધુ લાભ હોય.

## દોષરહિત અને ગુણોપેત

સૂત્રોચ્ચારણનું મહત્ત્વ આ જ દૃષ્ટિએ ઘણું છે.
૬૮ અક્ષર ચૌદ પૂર્વનો સાર અને સમુદ્ધાર છે.
જાણું કશું કહેવામાં ન આવે તો પણ ચાલે, કારણકે જાણું જે કાંઈ કહેવાશે, તે શ્રુત અંતર્ગત થઈ જશે અને તેનો સાર પણ નવકાર જ હશે. સીધો, સરલ તથા વાંચતાંની સાથે જ અર્થ પ્રકટ થાય, તે જ સાર છે. વિશેષ અર્થ કરવા જતાં તેનો પણ સાર નવકાર બનશે. મંત્રજાપ અજપાજપ, ધ્યાન, યોગનાં સ્થાનોથી, દરેક રીતે અલગ અલગ વિધિથી સિદ્ધ થઈ શકે. જુદા ફક્ત સાધકના ધ્યાનબળની માત્રા - સાધકના ત્યાગ ઉપર છે.

'નમો અરિહંતાણં'માં નમો પદથી કૃતજ્ઞતા અને
અરિહંત પદથી સ્વતંત્રતા અભિવ્યક્ત થાય છે.
કૃતજ્ઞતાના ગર્ભમાં દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદના છે તથા
સ્વતંત્રતાના ગર્ભમાં પરાધીનતા - દીનતાનો સમુચ્છેદ છે.
દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનાપૂર્વક આત્મા રૂપે
અરિહંતની શરણાગતિ - આત્માનુભૂતિ રહેલી છે.

<u>નમસ્કાર ભાવના ફળ રૂપે ભગવાન મળે.</u>

નમસ્કાર પાપનો પ્રણાશક છે.
'પાપ' એટલે પરપીડા - તેનો પરિહાર કરે છે.
પરપીડાના પરિહારનો પરિણામ એ નમસ્કારનું પ્રથમ ફળ છે.
'મંગળ' એટલે ધર્મ - આત્મસ્વભાવ, તેનો લાભ થવો.
એ નમસ્કારનું દ્વિતીય ફળ છે.

<u>'નમો' એ શેની પ્રક્રિયા છે?</u>

'નમો' એ શૂન્યમાંથી પૂર્ણ તરફ જવાની પ્રક્રિયા છે.
પૂર્ણમાં જવું હોય, તેણે બાહ્ય વસ્તુઓથી શૂન્ય અર્થાત્
બાહ્ય પદાર્થો પ્રત્યેના અહં-મમમાંથી મુક્ત થવું જોઈએ.

Dt. 24-9-69

'અરિહં પદને નમન' એટલે તદ્રૂપ પરિણમન, અર્પણ, શરણ અને આશ્રય - તે સર્વ ત્રાણરૂપ છે.
'ત્રાણ' એટલે રક્ષણ, અનર્થપ્રતિઘાત અને ભયાર્ત રક્ષણ તથા અર્થપ્રાપ્તિરૂપ ગતિ અને પ્રતિષ્ઠાન.
અરિહં = આત્મા કે જે આશ્વાસક દ્વીપ, પ્રકાશક દીપ છે.
તેનો નમસ્કાર, તેનું બહુમાન, સ્તુતિ, પ્રશંસા, નમ્રતા, કૃતજ્ઞતા આદિ અનર્થપ્રતિઘાત કરે છે અર્થાત્ સમસ્ત પાપવૃત્તિ અને પાપપ્રવૃત્તિનો ઘાત કરે છે તથા અર્થપ્રાપ્તિ અર્થાત્ સર્વ મંગલ - કલ્યાણ ઉપરાંત સુખ - સમૃદ્ધિ, સંપત્તિ, આબાદી આદિને સમર્પે છે.
જગત્ ભરમાં સારભૂત તત્ત્વ 'સુખ' છે.
એ સુખ આત્મધર્મ છે. આત્મધર્મની પ્રાપ્તિ નવકારથી છે.
નવકારથી શુદ્ધ આત્મા ગ્રહાય છે.
શુદ્ધ આત્માનું સંવેદન એકાંત સુખસ્વરૂપ છે, તેથી નવકાર ચૌદ પૂર્વનો સાર ગણાય છે.

'નમો' સરલ...

'નમો' સરલ હું નમું છું. મારા નમસ્કાર હો.
નમવું સરલ ફક્ત મસ્તક ઝુકાવવું કે
બે હાથ જોડવા, એટલું જ નહિ પણ
માથું અને હાથની સાથે મન, મનના વિચારો અને
અંતઃકરણ તથા તેની વૃત્તિઓને પણ નમાવવા જોઈએ.
મન - હૃદયના સમર્પણ વિનાનો નમસ્કાર અધુરો જ છે.
બધા મંત્રો દ્વારા શરૂ કરેલા સર્વ કાર્યોને
પોતાના સ્મરણમાત્રથી નમસ્કાર મંત્ર સિદ્ધ કરનાર છે.
કૂવામાં ઉતારેલ ઘડો કે ડોલ જ્યાં સુધી
પોતાનું મસ્તક ઝુકાવીને કૂવાના પાણીને નમે નહિ,
ત્યાં સુધી તેને એક ટીપા જેટલું પાણી પણ મળે નહિ.
નવકારમાં રહેલ પંચ પરમેષ્ઠિ
આપણાથી ગુણોમાં ચઢિયાતા છે, તેમને નમવું જ જોઈએ,
તો જ તેમનામાં રહેલા ગુણો આપણામાં આવે અથવા
અંદર રહેલા ગુણો આવિર્ભાવ પામે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં

પંચપરમેષ્ઠિ અને બીજાના સુકૃતોની અનુમોદનામાં
જ્યારે મન - વચન - કાયાનું સઘળું બળ વપરાય છે,
ત્યારે તે મોક્ષનાં દ્વારને ખોલી નાંખે છે.

મહામંત્રના પ્રત્યેક અક્ષરમાં અચિન્ત્ય શક્તિ રહેલી છે,
તેના સ્મરણ અને જાપથી એક બાજુ
અશાતા, કષાય અને પ્રમાદ મંદ પડે છે અને
બીજી બાજુ બુદ્ધિ, મન અને અંતઃકરણ શુદ્ધ બને છે.

નવકારમાં મન જોડવું = પર્વત ઉપર ચઢવા બરાબર.
વિષયોમાં મન જોડવું = પર્વતથી નીચે ગબડવા જેવું.
ચઢવું પ્રથમ કઠિન છે પરંતુ
ચઢ્યા પછી અવર્ણનીય આનંદ છે.

નવકારના પદોનો રસ જેમ જેમ
આપણા મનમાં પરિણામ પામતો જાય,
તેમ તેમ જલથી ભરેલા કાચા કુંભની જેમ
કર્મની ગ્રન્થિઓ આપોઆપ ભેદાઈ જાય છે.

નવકાર મંત્રના આરાધક વાસિત કરેલ જ
અન્ય મંત્રોની ઉપાસના ફળવતી બને છે.
નવકાર મંત્રમાં અક્ષરો થોડાં છે, અર્થ અનંત છે.
રત્નની પેટીનું વજન અલ્પ હોય છે, મૂલ્ય ઘણું છે.
દિવસનો બધો પાપ રાત્રિ હરી લે છે, તેમ
અશુભ વિચારોથી બગડેલો શરીર, મન અને ઇંદ્રિયોનો
બધો પાપ આ નવકાર મંત્ર હરી લે છે.
આ નવકાર મંત્રના સ્મરણ અને જાપનું કાર્ય
ઘણું સૂક્ષ્મ છે, કેવળ શરીરબળથી તે થતું નથી.
તેમાં શરીરબળ ઉપરાંત મનનું બળ અને
હૃદયની આસ્થાની જરૂર પડે છે.
નવકારનું સ્મરણ એટલે પંચ પરમેષ્ઠિનું સ્મરણ.
તેમનું સ્મરણ એટલે આત્માની શુદ્ધ અવસ્થાઓનું સ્મરણ.
શુદ્ધ અવસ્થાઓનું સ્મરણ એટલે એ અવસ્થાઓ જેની
છે, તે આત્માનું સ્મરણ, દર્શન, ધ્યાન, રમણાદિ છે.
આત્મરમણતા એજ સર્વ કર્મનિરોધનો હેતુ છે.

## પાંચે પરમેષ્ઠિમાં સાધુપણું

આત્મા તથા તેની સાધના, જે મળીને સાધુપણું પ્રગટ થાય છે, એટલે અરિહંતાદિ પરમેષ્ઠિઓ સામાન્યથી સાધુ પરમેષ્ઠિઓ છે, તેમ આત્મસ્વરૂપ પણ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ - એ દરેક પણ આત્મા છે. નમસ્કાર અને ઉત્કૃષ્ટ મંગળનો લાભ પણ આત્મા છે.

નવકારમાં એક આત્મા જ વ્યાપીને રહેલો છે.

આત્માની સાધના કરે તે સાધુ, એ દૃષ્ટિએ સમગ્ર નવકારમાં સાધુ અને તેની સાધના જ રહેલી છે. અરિહંત પણ સાધુ, સિદ્ધ પણ સાધુ, આચાર્ય પણ સાધુ, ઉપાધ્યાય પણ સાધુ અને સાધુ તો સાધુ છે જ. તેમને નમસ્કાર એ પણ સાધુતાનો આદર અને તેના ફળસ્વરૂપ પાપક્ષય અને ધર્મનો લાભ એ પણ સાધુતાના જ અંકિત આત્મા અને તેની સાધનાનાં જ ફળ છે, તેથી નિશ્ચયનયથી આત્મા તથા વ્યવહારનયથી સાધના - એ બેઉનું બહુમાન તે નમસ્કાર પદાર્થ છે.

નમસ્કારમાં પ્રેમ છે, ઔદાર્ય છે, લાગણી છે.
માધુર્ય, ઓજ અને પ્રસાદ છે.
ઈર્ષા, ક્રોધ, ધિક્કારાદિની લાગણીઓ અજ્ઞાનાંધકારમાંથી
જન્મે છે તથા અંધકારનો નાશ પ્રકાશ વડે થાય છે.

o

Namo is for the sake of praise, gratitude, appreciation. By appreciation and acceptance, we are opening gates within us. I praise and give thanks for growing my ability to accept and be the god in action. What is the God Spirit? It is the Spirit of peace, love, wholeness, joy, generosity, good life, love and peace. The birth of God is birth of consciousness of God now & here.

## Divine prescription

(1) 'ઈશ્નો યંત્ર ભગુક્કારો ।'

Activity of god is the only power at work in my mind, heart & life.

(2) 'સકળ પાપપ્રણાશનો ।'

All false beliefs, all negative appearances are dissolved right now by the loving, forgiving action of God.

(3) 'પૂર્ણં દ્રઢ મંગલમ્ ।'

I am whole, strong and free as god created me to be. Instant, contant & abundant auspicious forever and everywhere to all and each.

અરિહંત પદ એ જ આપણો સાચો આત્મા છે.
અત્યારે જેને આપણે આપણો આત્મા માનીએ છીએ,
તે ખરી રીતે આત્મા જ નથી અથવા
તો તે કાયોત્સર્ગમાં વોસિરાવવા યોગ્ય આત્મા છે.
અરિહંત એ જ સાચો આત્મા હોવાથી
તેમનું સ્મરણ - ધ્યાનાદિ કરતી વખતે જે પ્રકટ થાય,
તે જ આત્માનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ.
વિચારધારાને સ્વતંત્ર બનાવવાનો એ જ ઉપાય છે.

- Tatva.

## 'અરિહંત' નામસ્મરણનો મહિમા

અરિહંત અરિહંત સમરતાં, લાધે મુક્તિનું ધામ;
જે નર અરિહંત સમરશે, તેના સિધ્ધાં કામ. ...(૧)
સુતાં બેસતાં ઉઠતાં, જે સમરે અરિહંત;
દુઃખિયાનાં દુઃખ ભાંગશે, લહેશે સુખ અનંત. ...(૨)
આશ કરો અરિહંતની, બાકી આશ નિરાશ;
તે જગમાં સુખિયા થયાં, પામ્યા લીલ વિલાસ. ...(3)

# નવકાર - પ્રધાન મંગલ શા માટે?

પ્રધાન મંગલ એટલે અત્યારે આત્મામાં જે પુણ્ય પડેલું છે,
તેના આદિમાં નવકાર મંગલ છે.
ઇષ્ટનો સંયોગ પુણ્ય વિના નહિ અને
જે સાધનોથી આત્મામાં પુણ્ય આવ્યું,
તે પ્રત્યેક સાધન નમસ્કાર આદિમાં છે.
મંગલોમાં શ્રેષ્ઠ જ નહિ પણ પ્રધાન.
'પ્રધાન' શબ્દ અતિ મહત્ત્વનો છે.
દરેક ઇષ્ટ સંયોગનું પહેલું કારણ નવકાર છે.
જાણીને કે અજાણતાં જ્યાં પાંચને નમાઈ ગયું,
ત્યાં મંગલ થઈ જ ગયું. તે મંગલ થયું કે જે સર્વ
દ્રવ્યમંગલોનું અને ભાવમંગલોનું પ્રધાન કારણ છે.
દ્રવ્યમંગલ પણ તેને જ થાય કે જેનું પુણ્ય હોય.
પુણ્ય બીજું કશું જ નહિ પણ તે છે કે જેની
આદિમાં પરમ કારણરૂપે નમસ્કાર અવશ્ય પડેલ છે.
આ વિશ્વવ્યવસ્થા છે, સનાતન નિયમ છે.

નમસ્કારના ૬૮ અક્ષરો સર્વ શ્રુતસ્કંધની ચાવી છે.
તેનું નામ નિર્વિકલ્પ રટણ નિતાન્ત આવશ્યક છે.

અર્થ તો તેમાંથી સ્વયં સ્ફુરનારી વસ્તુ છે.
તે પહેલાં આપણે જે અર્થો કરીએ છીએ,
તે અર્થના આભાસમાત્ર છે.
તેને સાચા અર્થ માની લેવાથી અનેક અનર્થો સર્જાય છે.
સ્વયંસ્ફુરણા એમ દૂરવર્તી છે, તેમ
અર્થસમજ દૂરવર્તી છે પણ જિહ્વાગ્ર ઉપર
સૂત્રોક્ત રીતે બિંદુ-માત્રાદિના ઉપયોગપૂર્વક
નિરંતર રટાયેલ તે સ્વયંસ્ફુરણાને
ખાબોચીયું બનાવે છે, સુખાવગાહ થાય છે.

## નમસ્કાર મહામંત્રના અર્થનો મહિમા

નવકાર મંત્રનો અર્થ સાગરની જેમ ઊંડો, હિમાલયની
જેમ ઊંચો, પૃથ્વીના પટની જેમ વિશાળ, સૂર્યની જેમ
પ્રકાશમાન, ચંદ્રની જેમ સૌમ્યતાવાન અને
દેવલોકના ઇન્દ્રની જેમ ઐશ્વર્યવાન છે.

'નમો અરિહંતાણં ।'

એ પદ જેની જિહ્વાના અગ્ર ભાગે નિરંતર રહે, તે જ શબ્દબ્રહ્મમાં નિષ્ણાત ગણાય. જિહ્વાગ્ર પર નવકારનું સતત રટણ પરમ ભક્તિ વિના કેવી રીતે બની શકે? અભવ્ય, દૂરભવ્ય કે ગુરુકર્મી આત્મા નવકારને કદી રટી શકે નહિ, જપ કરવાનું તેને મન જ ન થાય; એનું કારણ છે કે નવકારના શબ્દોનું રટણ માટે પણ ઘણી યોગ્યતા જોઈએ. નવકારના સ્તોત્રો અને સ્તુતિઓમાં નવકારના અર્થની કોઈ સ્તુતિ નથી, સ્તુતિ માત્ર નમસ્કાર સૂત્રની છે. 'મંત્ર' તેને જ કહેવાય કે જેના રટણના પ્રભાવથી કાલ્પનિક અર્થ, વૈકલ્પિક અર્થ અસ્તને પામે અને મંત્રાક્ષરોના પ્રભાવમાત્રથી અર્થસાક્ષાત્કાર થાય. કેવળ સૂત્રનો ઉપયોગ તથા મંત્રના વર્ણોને વિષે એકાગ્રતા, તે જ પરમ ભક્તિ છે અથવા તે જ પરમભક્તિને ઉત્પન્ન કરે છે. મંત્રના અક્ષરોનું રટણ - તે જ પરમેષ્ઠિ પ્રત્યે અત્યંત બહુમાનસૂચક છે.

કેવળ પ્રથમ સાત અક્ષરોમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વિશ્વને વ્યાપતું પરમ દિવ્ય તત્ત્વ સમાઈ જાય છે. નવકાર સિવાયના બધા જ શ્રુતની રચના શ્રી ગણધર ભગવંતો કરે છે, જ્યારે તીર્થંકરો સ્વમુખે કહે છે કે આ સૂત્ર અનાદિ છે. શ્રી ગણધર ભગવંત રચિત સૂત્રનું માહાત્મ્ય જેટલું ગાઈએ તેટલું ઓછું છે, તો પછી શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધ સૂત્રનું માહાત્મ્ય કોણ ગાઈ શકે?

આમાં અર્થ કે તદુભયને અપ્રાધાન્ય નથી.

ચૌદ પૂર્વનો અર્થ નવકાર છે અને નવકારનો મહાન અર્થ તેના અક્ષરોનું નિરંતર રટણ છે. નિરંતર રટણ કરાતાં અક્ષરોમાં ચિન્તન કરતાં પણ મહાન અર્થને ઉત્પન્ન કરવાની અદ્ભુત શક્તિ છે, ચિન્તન શક્તિ પણ ત્યારે જ માર્ગાનુસારી બને કે જ્યારે નવકારના અક્ષરોને નિરંતર ભક્તિપૂર્વક ઉપાસવામાં આવે. એમ સ્થાપનાનિક્ષેપ અને ભાવનિક્ષેપ ભક્તિનાં સમાન પાત્ર છે, તેમ નામનિક્ષેપ માટે પણ જાણવું.

યોગશાસ્ત્ર મંત્રની અર્થભાવનાને પણ મહત્ત્વ આપે છે.

સૂત્ર અને અર્થ - બંનેની આવશ્યકતા તો છે જ,
સરખી આવશ્યકતા છે પણ અર્થનો અર્થ
જે આપણે કરીએ છીએ, તેટલો જ નહિ.

'અરિહં' પદ તે 'સૂત્ર', સાક્ષાત્ અરિહંત એ 'અર્થ', આપણા મનમાં તે પદાર્થની સમુપસ્થિતિ, તે 'પ્રત્યય' છે. એ પ્રત્યયની એકતાનતા થવાથી ધ્યાન દ્વારા અરિહંત 'અર્થ'નું જે દર્શન, તે 'અરિહંત'નો સાક્ષાત્ અર્થ છે. નમો 'ધ્યાતા', અરિહં 'ધ્યેય' તથા તાણં 'ધ્યાન', અને સંપૂર્ણ પદ ત્રણેની એકતા. આ અર્થભાવના સમુચિત છે,
પરંતુ તે અનન્ય ચિત્તથી હોવી ઘટે.

'ધ્યાતા, ધ્યેયં તથા ધ્યાનં, ત્રયં યસ્યૈકતાંગતઃ ।
મુનેરનન્યચિત્તસ્ય તસ્ય દુઃખં ન વિદ્યતે ॥૧॥'

ત્રણેની એકતા થતાં ખરેખર તો દુઃખની અનુભૂતિ ન હોય, દુઃખમાં પણ કેવળ સુખની જ અનુભૂતિ હોય,
તો તે એકતા સુપ્રતિષ્ઠિત કહેવાય.

નવકારના પદોમાં 'વિરમવસાંતં પદમ્' એવો પદનો
અર્થ નહિ પણ અલ્પાલ્પ વિરામ એવો અર્થ છે.
અલ્પવિરામ, તેના કરતાં પણ ઓછો વિરામ (comma).

પ્રથમ પદનો આલાપક એક,

પણ તેમાં વિરામ - અટકવાનું ત્રણ વખત.
ત્રીજી વખત જ્યારે અટકીએ, ત્યારે આલાપક પૂરો થાય.
'નમો' કહ્યા પછી જેટલો વિરામ (વિશ્રામ) લઈએ,
તે કરતાં 'તાણં' પદ પછી 'નમો સિદ્ધાણં |' પદના
'નમો'ના ઉચ્ચારણ પૂર્વે વધુ અટકવું જોઈએ,
તો તે રૂડો આલાપક આરાધેલ કહેવાય.
અહીં એક આલાપક પ્રમાણ પ્રથમ અધ્યયન છે.
આ બધી વિગત વિશુદ્ધ સૂત્રોચ્ચારને લાગુ પડે છે.

'નમો અરિહંતાણં |'

એ શ્રી પંચ મંગલમહાશ્રુતસ્કંધનું પહેલું અધ્યયન છે.
તેનું પરિમાણ ૭ અક્ષર છે, તે ૭ અક્ષરમાં આલાપક ૧.
તે આલાપકમાં પદ ત્રણ.

બીજા અધ્યયનમાં 'નમો સિદ્ધાણં |' તેમાં બે પદ,

ત્રીજા અધ્યયનમાં ત્રણ પદ,

ચોથા અધ્યયનમાં ય ત્રણ પદ તથા ચૂલિકામાં ૨૨ પદ-

એવો એ મહાનિશીથ સૂત્રમાં ઉલ્લેખ છે.

પાંચમાં અધ્યયનમાં ચાર પદ આવે છે:

'નમો' 'લોએ' 'સવ્વ' 'સાહૂણં'

ચૂલિકામાં નીચે પ્રમાણે આલાપક ત્રણ છે:

'એસો પંચ નમુક્કારો |' 'સવ્વ પાવપ્પણાસણો |'

'મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઇ મંગલમ્ |'

૨૨ પદ નીચે મુજબ છે:

'એસો' 'પંચ' 'નમોક્કારો', 'સવ્વ' 'પાવપ્પણાસણો'

'મંગલાણં' 'ચ' 'સવ્વેસિં' 'પઢમં' 'હવઇ' 'મંગલં'

'નમો અરિહંતાણં |' પાઠમાં 'નમો' 'અરિ' 'હંતાણં'

એમ ૩ પદ પાડવા ઉચ્ચારણની દૃષ્ટિએ ઉચિત લાગે છે.

'નમો - અર - હંતાણં |'

અહીં પ્રશ્ન અર્થનો નથી પણ ઉચ્ચારણનો છે.

'નમો - આય - રિયાણં' 'નમો - ઉવ - જ્ઝાયાણં'
અર્થભાવના માટે ગમે તે વિભાગ પાડી શકીએ.
ટીકાકારો તે રીતે વિભાજન કરે જ છે.
'अरिहननात्' 'रजोहननात्' 'रहस्याभावात्' અથવા
'अ - रहंताणं' એટલે જેમને કાંઈ 'રહ' ગુપ્ત નથી,
જેઓ સાક્ષાત છે પણ તે પદ કહેવાય નહિ.
ત્રિપદ પરિચ્છિન્નનો એકસરખો અર્થ તો જણાય નહિ.
જીવોની એકતાની ભાવના એ જુદી વસ્તુ છે અને
જીવોની એકતા તે જુદી વસ્તુ છે.
ઉપશમસ્થ ક્ષણમાં જ્યારે અનેકતા ચિત્તને ન સ્પર્શે,
ત્યારે તે એકતા 'સુશ્લિષ્ટ' કહેવાય, ત્યારે
તે આત્મા પરમહંસ થઈ જાય, પરમ અરિહંત બની જાય.
ઈશ્વર કર્તૃત્વવાદનું રહસ્ય આ એકતામાં છે.
નમો = ધ્યાન, કારણકે નમસ્કાર જ પરમ ધ્યાન છે.
અરિ - શત્રુ = ધ્યાતા. આ પ્રકારના ધ્યાન તે શત્રુ છે.
આર્ત - રૌદ્રધ્યાનની ભેદતા સ્પષ્ટ છે.

કર્મવાદનો વિચાર જે રીતે સમાધિ લાવે છે,
તે કરતાં બહુ ઊંચી સમાધિ ઈશ્વરવાદ લાવે છે,
તે કરતાં બહુ ઊંચી સમાધિ નવકાર લાવે છે.
બીજી કલ્પના આ રીતે બહુ કરી શકાય કે:
નવકાર કે જેમાં પાંચ ઈશ્વર છે અને
એ પાંચમાં બહુ એક પરમ ઈશ્વર અરિહંત છે.
'ન મો અ રિ હં તા ણં ।' એમાં એક એક અક્ષરનો
વિલંબિત માનસિક ઉચ્ચાર કરવામાં આવે અને
અંદર કોઈપણ અર્થ ન સ્ફુરે,
તો તે મહાનિર્વિકલ્પ છે, જે સતત અભ્યસનીય છે.
બે કર્ણ, બે ચક્ષુ, બે નાસિકા અને એક મુખનું વિવર,
એમ સાત અક્ષરોની સ્થાપના નિર્વિકલ્પ માટે છે.
પંચમંગલ એ મહાશ્રુતસ્કંધ છે પણ મહાઅર્થસ્કંધ નથી.
નમસ્કારમાં અર્થભાવના ગૌણ છે, અક્ષરો જ મહાન છે.
અર્થની પાછળ પડવાથી નમસ્કારની સર્વ સિદ્ધિઓ
બાજુમાં રહી જાય છે અર્થાત્ તેનાથી વંચિત રહેવાય છે.

# નવકાર મહામંત્ર - મહિમા અષ્ટક

જેનો મહાન મહિમા સઘળે ગવાય,
પુણ્યોદયે જન ભજે સહુ કષ્ટ જાય;
જે કલ્પવૃક્ષ મનવાંછિત પૂર્ણકામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ. ...(૧)

જે શ્વેતવર્ણ અરિહંત સુ-રક્ત સિદ્ધ,
આચાર્ય પીત શુભ - પાઠક નીલવર્ણે;
શ્યામાંગ દિવ્ય મુનિઓ અતિ પુણ્યધામ.
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ. ...(૨)

સમ્યક્ત્વ ભવ્યમય દર્શન - જ્ઞાન આપે,
ચારિત્ર જ્ઞાનભાવથી ભવદુઃખ કાપે;
ચારિત્રથી તપ મળે શુભ મુક્તિધામ.
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ. ...(૩)

ચક્રેશ્વરી વિમલદેવ કરે સહાય,
પૂર્ણ કૃપામય સુદેવ્ય કદી પમાય;
સર્વોચ્ચ પંચપરમેષ્ઠિ પદે પ્રણામ, મંત્રાધિરાજ ...(૪)

સંગ્રામ - સાગરજલે વિપિને મુંઝાય,
આપત્તિ સિંહ - અહિ - વ્યાઘ્રતણા જણાય;
ત્યાં દિવ્ય મંત્ર અચૂક કામ.
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રધાન. ...(૫)
દારિદ્ર - રોગ - જનનાં સહુ કષ્ટ ટાળે,
સંપત્તિ - પુત્ર - વનિતા સુખમાર્ગે વાળે;
સદા મહાન નવકાર સુદર્શધામ.
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રધાન. ...(૬)
શ્રીપાળ - રાણા મયણા, ધરણેન્દ્ર આદિ,
પલ્લિપતિ અમર, કંબલ - શંબલાદિ;
પામ્યાં બધાં રટણથી શુચિસિદ્ધિ.
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રધાન. ...(૭)
સદા મહાન શુચિમંત્ર મનુષ્ય પામે,
સંસારના ત્રિવિધ તાપ બધા વિરામે;
દેવેન્દ્ર, કિન્નર રટે ગુણ આઠયામ.
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રધાન. ...(૮)



નવકારને શાસ્ત્રોમાં ચિંતામણી કે કલ્પવૃક્ષથી યે અધિક એટલાં માટે કહ્યો છે કે ગુણબહુમાન સહિતનું નમન એકબાજુ પુણ્ય વધારે છે અને બીજી બાજુ આપણા સઘળાં યે પાપનો સમૂલ નાશ કરે છે.




નવકારનાં ૬૮ અક્ષરો શુદ્ધ દેવ-ગુરૂ અને ધર્મ ઉપર પ્રીતિ જગાવે છે.
શુદ્ધ તત્ત્વો ઉપર સ્નેહ જાગે કે તરત મિથ્યાત્વ ભાગે!
એક 'નમો'થી જ શુદ્ધિ, સિદ્ધિ અને મુક્તિ એકસાથે મળી શકે તેમ છે.

www.fiestadesigns.in